

પરમાત્માના ઘરમાં પેસવું છે અને હું તો પામર....પામર....પામર....
એ બે વાતમાં મેળ નથી. પહેલી ચોટમાં હું સિદ્ધ છું, એવું
લક્ષમાં લેતો નથી તેને જિજ્ઞાસુ જ કહેતાં નથી.

—પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સંવત-૭ □ (પ૨૪) ※ આત્મધર્મ ※ (અંક-૧૨ વર્ષ-૪૩) □ વીર સં. ૨૫૧૩ જૂન, ૧૯૮૭

## હું તો સદા કૃતકૃત્ય છું

આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. તે કાયમ રહીને પલટે છે. તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે. તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે. તે અદ્ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે તો તને સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું'. તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ. ૩૮૨.

'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

'આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે.'

આત્માને પ્રતિસમય થનારા ઉત્પાદ-વ્યય પર્યાય-અપેક્ષાએ છે અને ઉત્પાદ-વ્યયરૂપ પરિણમન સાથે સદા એકરૂપ રહેનારું ધ્રૌવ્ય દ્રવ્ય-અપેક્ષાએ છે. જગતનો દરેક પદાર્થ 'સત્' છે; 'સત્'નું સ્વરૂપ ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ અર્થાત્ 'હયાતી' છે. ભગવાન આત્મા પણ, અમૂર્તિક ચિન્મય 'પદાર્થ' હોવાથી, ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્યની એકતાયુક્ત છે. સમયસારમાં 'ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ' નામની એક શક્તિ પણ આત્મામાં કહી છે. ત્યાં ક્રમવૃત્તિરૂપ પર્યાયને ઉત્પાદ-વ્યયરૂપ અને અક્રમવૃત્તિરૂપ ગુણને ધ્રુવત્વરૂપ કહેલ છે. દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી સ્પર્શિત, સદૃશ અને વિસદૃશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ આત્મામાં હોવાથી તે યુગપદ્ સદૃશ અર્થાત્ ધ્રૌવ્યરૂપ અને વિસદૃશ અર્થાત્ ઉત્પાદ-વ્યયરૂપ છે. આત્મા, યુગપદ્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ હોવા છતાં, અખંડ નિર્વિકલ્પ એક 'સત્' છે. તેને ત્રણ ભેદરૂપે વિચારમાં લેવો તે પણ વિકલ્પનું કારણ છે. નિયમસારના પરમાવશ્યક અધિકારમાં તો, જે જીવ દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં (અર્થાત્ તેમના વિકલ્પોમાં) મન જોડે છે, તે પણ અન્યવશ છે—એમ કહ્યું છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના ભેદ રહિત અખંડ આત્મામાં દૃષ્ટિ દેવી તે સમ્યગ્દર્શન છે.

'તે કાયમ રહીને પલટે છે.'

આત્મા જ્ઞાન ને આનંદાદિ મૂળ સ્વરૂપે કાયમ એકરૂપ રહીને અવસ્થા-અપેક્ષાએ

[ અનુસંધાન માટે જુઓ....૨૪ ]

કહાન
સંવત-૭
વર્ષ-૪૩
અંક-૧૨
[ ૫૨૪ ]

વીર
સંવત
૨૫૧૩
A. D. 1987
JUNE




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# નિજ સ્વરૂપમાં સ્થિત સિદ્ધોને નમસ્કાર

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં.-૫ )

મુનિરાજ યોગીન્દ્રદેવ સિદ્ધોનાં સ્વરૂપનું વર્ણન કરતાં કરતાં સિદ્ધોને નમસ્કાર કરી રહ્યાં છે. ચાર ગાથા સુધી તો સિદ્ધોને વંદન કર્યાં. આ પાંચમી ગાથામાં પણ સિદ્ધોને વંદન કરતાં કહે છે કે હું તે સિદ્ધોને નમસ્કાર કરું છું કે જેઓ નિશ્ચયનયથી પોતાના સ્વરૂપમાં સ્થિત છે અને વ્યવહારનયથી લોકાલોકને જાણી રહ્યાં છે.

સિદ્ધભગવાન લોકાલોકને જાણતાં થકાં પોતાના સ્વરૂપનિવાસમાં વસી રહ્યાં છે. સિદ્ધભગવાન પોતાના સ્વભાવને તન્મય થઈને જાણે છે અને બાહ્ય લોકાલોકને તન્મય થયા વગર પણ નિઃસંદેહ અને પ્રત્યક્ષ જાણે છે.

ભગવાન જો પરપદાર્થને તન્મય થઈને જાણે તો તો પરના સુખદુઃખનો ભોગવટો ભગવાનને થાય; તો તો નારકીને જાણતાં ભગવાનને દુઃખ થાય, અગ્નિને જાણતાં દાઝી જાય એમ દરેક પદાર્થનો ભોગવટો થાય પણ એમ બનતું નથી. કેમ કે ભગવાને પરવસ્તુમાં એકમેક થયા વગર પોતામાં તન્મય રહીને પરનું જ્ઞાન કરે છે.

જો ભગવાન રાગ-દ્વેષ સહિત પરને જાણે તો તો નરકમાં દ્વેષ ને સ્વર્ગમાં રાગ થાય. એ તો મહાન દોષ આવે. ભગવાનને રાગ-દ્વેષ છે જ નહિ તેથી વીતરાગભાવે બધાને જાણે છે.

કેવળજ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ એવો છે કે તે સ્થૂળ, સૂક્ષ્મ બધાં પદાર્થોને

જેમ છે તેમ જાણે જ. તો જેને આ પર્યાય પ્રગટ થઈ તેવા સિદ્ધભગવાન કોને જાણ્યાં વગર રહે? બધાંને જાણે.

સિદ્ધભગવાનમાં જેવી આ જ્ઞાયક શક્તિ છે તેવી જ શક્તિ તારામાં પણ છે ભાઈ! એવા શક્તિવંત સ્વભાવની આરાધના કરીને સિદ્ધ થવાનો પ્રયત્ન કરવો એ આ ગાથાનો સાર છે.

હવે છઠ્ઠી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે હું નિરંજન, નિરાકાર, નિઃશરીર સિદ્ધપરમાત્માને નમસ્કાર કરું છું.

સમુચ્ચય સિદ્ધપદનું વર્ણન કરી, તેના નિવાસનું વર્ણન કરી હવે સિદ્ધના સ્વભાવનું વર્ણન કરીને મુનિરાજ નમસ્કાર કરે છે.

સિદ્ધભગવાન કેવા છે? કે કેવળદર્શન અને કેવળજ્ઞાનમય છે. વળી તેઓ નિરંજન છે, તેમને કોઈ જાતનો અંજન-મેલ નથી. ભગવાનને કોઈ જડનો આકાર નથી માટે નિરાકાર છે. પોતાના અરૂપી અસંખ્યાત પ્રદેશોનો આકાર હોય છે. પ્રદેશત્વગુણના કારણે આકાર તો હોય છે પણ જડનો આકાર નથી. કેમકે ભગવાનને શરીર નથી. માટે તો ભગવાનને નિઃશરીર કહ્યાં છે.

સિદ્ધભગવાન જ્યારે અરિહંતપદે બિરાજતા હતા ત્યારે જીવાદિ સર્વ પદાર્થોને જાણતા અને પ્રકાશતા હતા. જીવોને ધર્મનો ઉપદેશ આપતા હતા. તે અરિહંતો સિદ્ધ થયા પછી બધાંને જાણે છે પણ ઉપદેશ આપતા નથી. એવો જ ક્રમ ચાલ્યો આવે છે કે અરિહંતો ઉપદેશ આપે અને પછી સિદ્ધ થઈ જાય. પછી બીજા અરિહંતો થાય તે ઉપદેશ આપે. મુનિરાજ આવી સંધિ બતાવીને સર્વ સિદ્ધોને નમસ્કાર કરે છે. મોક્ષ અને મોક્ષમાર્ગ જેણે પ્રગટ કર્યો એવા અનંત સિદ્ધોને હું ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.

કેવળજ્ઞાનાદિ અનંત ગુણની પ્રગટતા તે મોક્ષ છે અને શુદ્ધાત્માનું સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન અને સ્થિરતા તે મોક્ષમાર્ગ છે. આવો ઉપદેશ આપીને અનંતા સિદ્ધ થઈ ગયા અને તે ઉપદેશને અનુસરીને અનંતા સિદ્ધ થાય છે અને થશે એવો જ ક્રમ—એવી જ પરંપરા જ ચાલી આવે છે.

અરિહંતદશામાં કેવળજ્ઞાન થવા છતાં વાણીનો યોગ હોય છે એવો જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેથી ભગવાનના જ્ઞાનમાં જેવા ભાવો જણાય છે તેવા જ વાણીમાં આવે છે. આ રીતે અનાદિથી વીતરાગ જૈનશાસન ચાલ્યું આવે છે અને અનંતકાળ રહેશે—ત્રિકાળ ટકશે.

જે જે અરિહંત થાય તે જે ઉપદેશ આપે છે તે જ યથાર્થ છે. અન્યનો ઉપદેશ યથાર્થ નથી એમ અહીં સિદ્ધ થાય છે. જૈન એટલે અનંત જ્ઞાનાદિ ગુણસ્વરૂપ આત્મા છે તે રાગ-દ્વેષ અને અજ્ઞાનને જીતીને સ્વભાવરૂપે પરિણમે તે જૈન છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે.

આ ગાથાનો સાર એ છે કે અરિહંતદેવના કેવળજ્ઞાનાદિ સ્વરૂપ જે શુદ્ધસ્વભાવ છે તે જ આદરવાયોગ્ય છે. જુઓ! આમાં એક એક ગાથામાં કેટલું સમાય જાય છે! અરિહંતો ઉપદેશ આપે છે તે સમજીને બીજા અરિહંતો થાય છે અને તે ઉપદેશ આપી મોક્ષમાં ચાલ્યા જાય છે એમ અનાદિ પરંપરા ચાલી આવે છે. જૈનદર્શન કોઈ નવું નથી. અનાદિ-અનંત છે તે જ સત્ય છે—એમ આ ગાથામાં સિદ્ધ થાય છે.

કેટલાંકને એમ લાગે કે આ જૈનદર્શનવાળા બહુ સંકુચિત મનવાળા છે કે પોતે જ સાચા, બાકી બધાં ખોટા એમ માને છે, બધાં જ સાચા છે એમ માનવું જોઈએ. પણ અરે ભાઈ! સાચું એક જ હોય. બધાં સાચા કયાંથી હોય?

હવે સાતમી ગાથામાં યોગીન્દ્રદેવ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને વંદન કરે છે. જે ભેદાભેદ રત્નત્રયના આરાધક છે એવા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર કરું છું. નિશ્ચયથી પોતાના અભેદ સ્વરૂપના આરાધક છે અને વ્યવહારથી સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે જ પ્રેમ ધરાવે છે, સાચા શાસ્ત્રોનો જ અભ્યાસ કરે છે અને પંચ મહાવ્રત આદિ ચારિત્ર પાળે છે. નિશ્ચય પ્રગટ થયો છે એવા સાધુને આવો વ્યવહાર હોય જ છે. જેને નિશ્ચય પ્રગટ થયો નથી અને માત્ર બહારથી વ્યવહાર પાળે છે તે કોઈ સાચા સાધુ નથી.

બહારથી વાળનો લોંચ કરે તે સાધુ નથી પણ અંતરથી બહારની લાગણીનો લોંચ કરે છે તે સાધુ છે. જેને પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન આદિ છ આવશ્યકને પાળવાનો વિકલ્પ છે, પંચ મહાવ્રત આદિ પાળવાનો જેને વિકલ્પ છે અને અંતરમાં પરમાનંદમાં સ્થિત થાય છે એવા નિશ્ચયવ્યવહાર સહિત છે તે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે.

દિગંબર આચાર્યોની કથન પદ્ધતિ કોઈ અલૌકિક....અલૌકિક છે. સાત ગાથામાં આખા જૈનદર્શનના પંચપરમેષ્ઠિનું સ્વરૂપ વર્ણવી દીધું છે.

જે શાંતિથી, ધીરજથી, વીતરાગપરિણામથી અને સમ્યગ્જ્ઞાનથી અંતર જ્ઞાયકસ્વભાવને દેખે છે, જાણે છે અને અનુભવે છે તે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે. શું કામ આત્માને દેખે છે?—કે અતીન્દ્રિય આનંદના સુખરસને આસ્વાદવા માટે સાધુ આત્માને દેખે છે અને જાણે છે.

પંચપરમેષ્ઠિનું સ્વરૂપ જેવું છે તેવું જાણીને, બહુમાનપૂર્વક, ભક્તિપૂર્વક વંદન કરીને યોગીન્દ્રદેવ કહે છે કે હું પરમાત્મપ્રકાશ લખવું શરૂ કરું છું. જુઓ! મુનિરાજે પંચપરમેષ્ઠિને પોતાની પડખે ઊભા રાખ્યા છે. પંચપરમેષ્ઠિ પ્રત્યે બહુમાનસહિત ભક્તિ ઊછળે છે.

ભગવાન આત્માને વર્તમાન પર્યાયમાં કર્મ અને નોકર્મ સાથે અનુપચરિત અસદ્‌ભૂત સંબંધ છે પણ ખરેખર વસ્તુદૃષ્ટિએ જુઓ તો દ્રવ્યમાં તે કર્મોનો સંબંધ નથી. તેમ આત્માને વર્તમાન પર્યાયમાં અશુદ્ધનિશ્ચયનયથી રાગાદિ ભાવકર્મ છે પણ પરમાર્થે આત્મામાં

તે રાગ નથી. જુઓ! આ દ્રવ્યકર્મ આદિ છે છતાં નથી એવું જ વસ્તુનું સ્વરૂપ છે. વ્યવહારથી જે છે તે જ નિશ્ચયથી નથી. વ્યવહારથી આત્માની પર્યાયમાં મતિ-શ્રુતજ્ઞાનની વિભાવપર્યાય છે પણ પરમાર્થે આત્મામાં તે નથી. ચિદાનંદ ચિદ્રૂપ એકસ્વભાવમાં તે કાંઈ નથી.

મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યયજ્ઞાન તે અપૂર્ણ જ્ઞાન છે, કાયમ ટકતાં નથી, નીકળી જાય છે માટે તે પણ અશુદ્ધનયનો વિષય છે. તેને વિભાવ ગણીને એક કેવળજ્ઞાનને જ સ્વભાવ કહ્યો છે કે જે પૂર્ણ અને કાયમ ટકે છે.

નર, નારક આદિ પર્યાય પણ એક એક સમયની અવસ્થામાં છે, સ્વભાવમાં નથી, વિભાવ છે. આ રીતે અનેક બોલ દ્વારા દ્રવ્ય, પર્યાયનું યથાર્થ સ્વરૂપ જેમ છે તેમ બતાવીને મુનિરાજ વિપરીતતાથી બચાવવા માગે છે.

પ્રથમ જ કહ્યું કે આ એક ચિદાનંદ ચિદ્રૂપ-જ્ઞાનાનંદ જ્ઞાનરૂપ શુદ્ધાત્મતત્ત્વ તે જ સત્ય છે—પરમાર્થ છે અને તે જ દૃષ્ટિનો વિષય છે. પર્યાયમાં દ્રવ્યકર્મ, નોકર્મ છે તે અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી છે. નથી એમ નથી પણ તે દૃષ્ટિનો વિષય નથી. પર્યાયમાં મતિ, શ્રુત જ્ઞાનાદિ વિભાવગુણ પણ છે અને નર-નારકાદિ ગતિનો ઉદય પણ છે પણ તે બધો વ્યવહારનયનો વિષય છે, અને અશુદ્ધ નિશ્ચયનયનો વિષય છે, દૃષ્ટિનો વિષય નથી.

એકલો હું શુદ્ધ છું....શુદ્ધ છું એવો વિચાર કરવો રહેવા દે. આ અશુદ્ધતા પર્યાયમાં છે તેનું જ્ઞાન નહિ કર તો અંદર ઢળીશ શી રીતે? અરે! અંદર ઢળ્યા પછી પણ આ ચાર બોલનું જ્ઞાન તો વર્તે જ છે. દ્રવ્યકર્મ, નોકર્મનો સંબંધ, રાગનો સંબંધ, મતિજ્ઞાનાદિ વિભાવગુણનો સંબંધ અને નર-નારકાદિ ગતિના ઉદયનો સંબંધ પર્યાયમાં છે અને દ્રવ્યમાં નથી તેનું જ્ઞાન જ્ઞાનીને બરાબર વર્તે છે.

પર્યાયમાં આ બધો વ્યવહાર હોવા છતાં દ્રવ્યદૃષ્ટિએ-નિશ્ચયથી ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ જ ભૂતાર્થ છે—છતો અર્થ-પદાર્થ છે, સત્ય છે. તેનો આશ્રય કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. પર્યાયનું જ્ઞાન હોય પણ આશ્રય ન હોય.

ચાર જ્ઞાનની પર્યાય પણ વ્યવહાર-આત્મા છે, અભૂતાર્થ છે, આશ્રયયોગ્ય નથી. ભૂતાર્થ દ્રવ્યસ્વભાવ એક જ આશ્રયયોગ્ય છે. સર્વ પ્રકારે તે એક જ આરાધવાયોગ્ય છે, બાકી સર્વ છોડવા લાયક છે.

અતીન્દ્રિય આનંદના અનુભવ માટે જે આવા ચિદાનંદ ચિદ્રૂપ ભૂતાર્થ સ્વભાવને દેખે છે—શ્રદ્ધે છે, જાણે છે અને અનુભવે છે એવા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને હું વંદન કરું છું. આવા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે જ સાચા સાધુ છે.

હવે આગળ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું ભિન્ન-ભિન્ન વર્ણન આવશે. [ક્રમશઃ]

# સુલભ પ્રાપ્ત વિષયોમાં પણ ધર્મીનું નિર્મમત્વ

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

(સળંગ પ્રવચન નં. ૪૧)

આ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર છે. તેમાં આત્માને હિતકારી ઉપદેશ શું છે તેની વાત ચાલે છે.

ક્ષોભ રહિત એકાંતમાં સ્વરૂપ સ્થિર થઈ ખાસ,
યોગી તજી પરમાદને કરે તું તત્ત્વાભ્યાસ. ૩૬.

આ દેહમાં બિરાજમાન ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે અને આ દેહ, વાણી, મન આદિ બધું જડ છે. કર્મ પણ જડ છે અને પુણ્ય-પાપના ભાવ તે વિકાર છે–દુઃખરૂપ છે. આ વિકારીભાવો અને જડપદાર્થોમાંથી જેની રુચિ ઊડી ગઇ છે અને આત્માની રુચિ જાગી છે તેને અંતર્સ્વભાવભાવમાં એકાગ્ર થવાની ભાવના થાય છે. તે એકાગ્રતા કેવી રીતે કરે છે તેની વાત આ ગાથામાં લીધી છે.

અહીં તો બધી ઊંચી ઊંચી પહેલાં નંબરની વાતો છે.

પ્રથમ તો આત્માની ઓળખાણ થતાં 'હું આનંદસ્વરૂપ છે' એમ આત્માની રુચિ, પ્રીતિ અને વિશ્વાસ આવે છે ત્યાં પુણ્ય-પાપ વિકારીભાવ અને જડ સામગ્રીમાં મારું સુખ ત્રણકાળમાં કદી નથી એમ નક્કી થઈ જાય છે, તેથી આત્માની રુચિ અનુસાર વીર્ય આત્મા તરફ કામ કરે છે.

પ્રથમ ધર્મદૃષ્ટિ પ્રગટ થતાં, 'હું જ મારો આધાર છું, હું જ મારું શરણ છું અને હું જ ઉત્તમ પદાર્થ છું' એમ નક્કી થઈ જાય છે. આવી ધર્મદૃષ્ટિ વગરનું બધું થોથાં છે. ક્રિયાકાંડ, દયા, દાન–ભક્તિમાં હિત છે એમ માનનારાં, આત્મા અતીન્દ્રિય અનાકુળ આનંદસ્વરૂપ છે અને તેમાં જ મારું હિત છે—એમ માની શકતાં નથી.

ધર્મી જીવને આત્મામાં જ સુખ છે એવી દૃઢ શ્રદ્ધાને લીધે અંતર્ એકાગ્રતા કરવામાં કોઈ જાતનો મનમાં વિક્ષેપ થતો નથી કે પરપદાર્થ કે રાગમાં સુખ હશે તો!

હેય–ઉપાદેય તત્ત્વોમાં પણ ધર્મીની બુદ્ધિ નિશ્ચલ થઈ ગઈ હોય છે. સર્વજ્ઞ ભગવંતો આચાર્યો અને આગમનો આ ઉપદેશ છે કે હે જીવ! તારા આત્મામાં જ તારું સુખ છે માટે તેને ઉપાદેય કર! આદર કર! અને રાગાદિ દુઃખરૂપ તત્ત્વ છે માટે તે હેય કર!

ભગવાનના આવા ઉપદેશને સ્વીકારીને આત્માની રુચિ અને દૃષ્ટિ કરે ત્યારે જ ભગવાનનું શરણ લીધું કહેવાય.

જેમ અજ્ઞાનીને અનાદિથી શરીર અને રાગાદિમાં મારાપણાની રઢ લાગી છે–રટણ લાગ્યું છે તેમ ધર્મીને અતીન્દ્રિય આનંદસ્વરૂપ નિજ આત્મા તે જ હું એવી રઢ લાગી છે તેથી એક આત્મા જ ઉપાદેય અને રાગાદિ સર્વ હેય છે એમ તેની બુદ્ધિ નિશ્ચલ થઈ ગઈ છે.

ધર્મી જીવ કાર્યોત્સર્ગમાં લીન થાય છે એટલે કાયા કહેતાં શરીર, વાણી, મન તથા પુણ્ય-પાપભાવ, તેનાથી રહિત નિજાનંદ સ્વરૂપ આત્મામાં એકાકાર થાય છે તેમાં આત્મા જેવો છે તેવો અંતરમાં વ્યવસ્થિત થઈ જાય છે.

આ તો સમ્યગ્દૃષ્ટિની ક્રિયા કેવી હોય તેની વાત ચાલે છે. ઇષ્ટોપદેશમાં ગાથા તો માત્ર એકાવન જ છે પણ જૈન પરમેશ્વર વીતરાગદેવે કહેલી વાણીનું માખણ આમાં ભરી દીધું છે. આવો હિતકારી ઉપદેશ પૂજ્યપાદસ્વામીએ આપ્યો છે માટે શાસ્ત્રનું નામ 'ઇષ્ટોપદેશ' છે અને તેવો ભાવ પ્રગટ કરવો તે હિતકારી–ઇષ્ટભાવ છે.

પોતાના ભગવાન આત્મામાં જ જેણે યોગ જોડયો છે–વીર્ય લગાવ્યું છે તે ભલે ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ તેને રાગાદિ વિકલ્પ સુહાવતા નથી–રુચતાં નથી.

યોગી કેવા સ્થાનમાં ધ્યાન કરે છે? કે એકાંતસ્થાનમાં. જેમ કોઈને પાંચ-પચીસ લાખનું નિધાન મળ્યું હોય તો કોઈને કહેતો નથી પણ એકાંતસ્થાનમાં પોતે ભોગવે છે તેમ સમ્યગ્દૃષ્ટિ યોગી એકાંતસ્થાનમાં આત્મનિધાનનો ભોગવટો કરે છે. બહારથી કોલાહલની પ્રતિકૂળતા રહિત અને અંતરમાં રાગના કોલાહલ રહિત એકાંતસ્થાનમાં સમ્યગ્દૃષ્ટિ ધ્યાન કરે છે. પર્વતોની ગુફા આદિ એકાંતસ્થાનમાં આળસ અને નિદ્રારહિત થઈને યોગી પોતાને પ્રિય એવા આત્મામાં લીન થાય છે.

ધર્મ તો તેને કહેવાય કે જેમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય. ધર્મ લૂખો ન હોય. શુભ વિકલ્પ એ કોઈ ધર્મ નથી, તેમાં આનંદ નથી, દુઃખ છે.

ત્રણલોકના નાથ સર્વજ્ઞ ભગવાન કહે છે કે ભાઈ! તારા નિધાનમાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય વીર્ય, પ્રભુતા આદિ અનંત ગુણરત્નોના નિધાન ભર્યા છે તેને રુચિમાં લે અને તેમાં એકાગ્ર થઈને તેને ભોગવ! અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત થા!

લગ્નમાં ગોર કહે છે ને 'સમય વર્તે સાવધાન' તેમ અહીં સમય એટલે આત્મામાં સાવધાન થઈને વર્ત તો તને અતીન્દ્રિય મહા-આનંદનો લાભ પ્રાપ્ત થાય. એમ ભગવાન કહે છે.

આ તો બધાને સમજાય તેવી વાત છે. એમ ન સમજવું કે હું બાળક છું કે વૃદ્ધ છું માટે ન સમજાય. બાળક કે વૃદ્ધ આત્મા નથી. આત્મા તો ત્રિકાળ સમજનાર તત્ત્વ છે. તે અત્યારે નહિ સમજે તો આવો મનુષ્યભવનો સમજવાનો અવસર પછી ક્યાં મળશે? આ ઉત્તમ ભવમાં સત્ય વાત સમજવામાં ન આવી અને દૃષ્ટિમાં ન આવી તો શું કામનું? પાંચ-પચાસ લાખ રૂપિયા મળ્યા એ તો પૂર્વના પુણ્યને લીધે આવ્યા અને પુણ્ય ખરી ગયાં, તેમાં તને શું મળ્યું ભાઈ! તેં તો કમાવાનો ભાવ કરીને પાપ બાંધ્યું! કદાચ દયા-દાન-ભક્તિ કરીને પુણ્ય બાંધ્યું તોપણ તેમાં તારો ધર્મ ક્યાં આવ્યો? પુણ્ય-પાપના વિકલ્પથી પાર નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વનો અનુભવ કરવો તે તારો ધર્મ છે—સંવિત્તિ છે.

હવે શિષ્યને પ્રશ્ન થાય છે કે જેને દેહ, વાણી, મન અને રાગાદિની રુચિ છૂટીને પોતાના ચૈતન્યસ્વભાવની રુચિપૂર્વક અનુભવ થાય એવા યોગીને કેવી રીતે ખબર પડે કે મને અનુભવ થયો છે? શાંતિ પ્રગટ થઈ છે? અને હર ક્ષણે તે અનુભવમાં ઉન્નતિ થઈ રહી છે તે પણ કેવી રીતે ખબર પડે? શુદ્ધાત્માનો અનુભવ થયો છે અને તેમાં વૃદ્ધિ થઈ રહી છે તે જાણવા માટે લક્ષણ શું છે? મને પરભાવનું વેદન છૂટી ગયું અને આત્મસંવિત્તિનું વેદન થાય છે એ જાણવાનું લક્ષણ શું છે?

શિષ્યનો પ્રશ્ન સાંભળી આચાર્ય કહે છે હે બુદ્ધિમાન! તારો પ્રશ્ન બરાબર છે, સાંભળ! હું તને એ જાણવાનું લક્ષણ કહું છું. જેમ વેપારમાં ધન મળે અને તેની વૃદ્ધિ થાય છે તેની ખબર પડે છે ને? તેમ આ ધર્મના વ્યાપારમાં પણ આનંદનો અનુભવ થાય છે અને વૃદ્ધિ થાય છે તે તેના લક્ષણ ઉપરથી જણાય જાય છે.

જયમ જયમ સંવેદન વિષે આવે ઉત્તમ તત્ત્વ,<br>
સુલભ મળે વિષયો છતાં, જરીયે કરે ન મમત્વ. ૩૭.

આ વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલી ધર્મની રીત છે. અનાદિથી જીવ જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હતો ત્યાં સુધી તો તે પુણ્ય-પાપ, દયા-દાન આદિ રાગનો અનુભવ કરતો હતો પણ જ્યારે તે જીવ નિજ ઉત્તમ તત્ત્વ શુદ્ધ આનંદકંદનો અનુભવ કરવા લાગે છે તો જેમ જેમ અનુભવ વધતો જાય છે તેમ તેમ તે યોગીને સહેલાઈથી પ્રાપ્ત થતાં વિષયો પણ રુચતા નથી.

યોગી કોને કહેવાય? કે જે પરમાત્માએ બતાવેલાં નિજ શુદ્ધાત્મામાં એકાકાર થાય છે તે 'યોગી' છે, બાકી બધાં ભોગી છે. ઘણાં અજ્ઞાની બહારથી યોગી દેખાતાં હોય પણ અંતરથી ભોગી હોય છે અને સમ્યગ્દૃષ્ટિ બહારથી ભોગી દેખાતાં હોય તોપણ અંતરમાં આત્મામાં એકાકાર થાય છે માટે તે યોગી છે.

યોગીને પોતાના અતીન્દ્રિય આનંદની પાસે ભોગની ઇચ્છા રોગ સમાન લાગે છે. તેને અન્યાયથી લાવેલી વસ્તુ કે છળ-કપટથી કે બળાત્કારથી લાવેલી સ્ત્રી આદિનો ભોગ તો હોતો જ નથી પણ પૂર્ણ પુણ્યથી સહેલાઇથી મળેલાં સ્ત્રી, પુત્ર, ધન આદિનો ભોગ પણ રોગ જેવો લાગે છે. અતીન્દ્રિય આનંદના ભોગવટા પાસે તેને બીજું કાંઈ રુચતું નથી. જેમ રોગી રોગને ઇચ્છતો નથી અને દવાને પણ ઇચ્છતો નથી તેમ ધર્મી પાંચ ઇન્દ્રિયના વિષયોના ભોગનો રાગ આવે છે તેને રોગ માને છે અને તે રોગના ઇલાજરૂપ ક્રિયાને-ભોગને પણ તે હેય માને છે, ઇચ્છતો નથી.

જેણે દૂધપાકનો સ્વાદ ચાખ્યો છે તેને લાલ જુવારના ફોતરાંના રોટલાં ભાવતાં નથી તેમ ધર્મી ચક્રવર્તી હોય તોપણ અતીન્દ્રિય આનંદનો અનુભવ કર્યો છે તેથી તેને છ ખંડના રાજનો ભોગવટો પણ રુચતો નથી.

પ્રવચનસારમાં દાખલો આવે છે કે માછલીને જમીન ઉપર આવવું પણ દુઃખરૂપ લાગે છે તો અગ્નિમાં જવું કેટલું દુઃખરૂપ લાગે? તેમ જેને હું આનંદમૂર્તિ છું એવું ભાન અને વેદન છે તેવા ધર્મીને શુભભાવમાં આવવું દુઃખરૂપ લાગે છે અને વિષય-વાસનામાં આવવું એ તો અગ્નિના અંગારામાં જવા જેવું દુઃખરૂપ લાગે છે. આ ધર્મીનું લક્ષણ છે. બહારથી સ્ત્રી-પુત્રાદિને છોડીને જંગલમાં રહે તે ધર્મી એવું ધર્મીનું લક્ષણ નથી. સ્વભાવના અનુભવ પાસે જેને પરભાવનો અનુભવ દુઃખરૂપ લાગે છે-લૂખો લાગે છે એ ધર્મીનું લક્ષણ છે. તેના ઉપરથી ધર્મી ઓળખાય છે. [ક્રમશઃ]

—૦—

અરે ભાઈ! તારામાં કઈ ૠદ્ધિની ખામી છે કે પર સામે ઝાવા નાખે છો? તારી સામે અનંતી ૠદ્ધિવાળો પ્રભુ બિરાજે છે તેની સામે નજર નાખતો નથી ને પર સામે નજર નાંખીને પુણ્ય-પાપના દુઃખને અનુભવે છે! દયા-દાન-ભક્તિ આદિના શુભ વ્યવહારમાં વિસ્મયતા કરે છો એ વિસ્મયતા છોડીને તારી સામે વિસ્મયકારી ચૈતન્યપ્રભુ બિરાજે છે તેની સામું જો. તારી પ્રભુતાની વિસ્મયતા કરીને એમાં ઠર. તારા એ આનંદના બાગમાં વિહાર કર, અન્ય દ્રવ્યમાં વિહાર ન કર.

—પૂજ્ય ગુરુદેવ

—૦—

# પર્યાયબુદ્ધિ છોડ, સ્વભાવબુદ્ધિ કર

(શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,
જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.

**અર્થ:—જીવને ખરેખર સ્વભાવસ્થાનો (—વિભાવસ્વભાવનાં સ્થાનો) નથી, માનાપમાનભાવનાં સ્થાનો નથી, હર્ષભાવનાં સ્થાનો નથી કે અહર્ષના સ્થાનો નથી. ૩૯.**

**દ્રવ્યદૃષ્ટિથી નિરુપાધિરૂપ શુદ્ધ જીવમાં વિભાવસ્થાનો નથી.**

**ટીકા:—"આ અભેદ નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે. ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ જીવાસ્તિકાયને ખરેખર વિભાવસ્વભાવ સ્થાનો નથી. (વિભાવરૂપ સ્વભાવનાં સ્થાનો નથી)"**

શુદ્ધ જીવનું સ્વરૂપ કેવું હોય છે તે બતાવે છે. શુદ્ધ જીવ કહો, નિરુપાધિ સ્વભાવ કહો, પરમપારિણામિકભાવ કહો, કારણપરમાત્મા કહો, દ્રવ્યસ્વભાવ કહો, શુદ્ધ ચૈતન્ય ધ્રુવસ્વભાવ કહો—એ બધા એક જ અર્થના વાચક છે. જીવના શુદ્ધ સ્વરૂપમાં રાગદ્વેષાદિની ઉપાધિ નથી. તે ત્રણેકાળ નિરુપાધિ સ્વભાવવાળો છે. વળી જીવસ્તિકાય કહેતાં જીવ અસંખ્ય પ્રદેશી કાયવાન પદાર્થ છે. આવા અસંખ્ય પ્રદેશી જીવ અનંતા છે. નિગોદથી સિદ્ધ સુધીના દરેક જીવ એકરૂપ શુદ્ધ છે. તે શુદ્ધ જીવને ખરેખર વિભાવ નથી. આત્માનું લક્ષ ચૂકીને પર્યાયમાં વિભાવ થાય છે ખરો. પર્યાયમાં બિલકુલ વિભાવ નથી અથવા કર્મને લીધે વિભાવ છે—એમ કોઈ માને તો તે વાત ખોટી છે. જીવ પોતાના અપરાધથી પોતાની પર્યાયમાં વિભાવ કરે છે. અહીં વિભાવને સ્વભાવ કહેવાનું કારણ એ છે કે જીવ સ્વતંત્રપણે પર્યાયમાં વિભાવ કરે છે. તે વખતની પર્યાયનો તે સ્વભાવ છે એમ બતાવવા કહ્યું છે, પણ શુદ્ધ સ્વભાવદૃષ્ટિથી જોવામાં આવે તો શુદ્ધ સ્વભાવમાં વિભાવનો અભાવ છે. શુદ્ધ સ્વભાવમાં વિભાવ પેઠો હોય તો ત્રિકાળી સ્વભાવ વિભાવરૂપ થઈ જાય ને શુદ્ધ થવાનો કદી અવસર રહે નહિ. સ્વભાવદૃષ્ટિ કરાવવા વિકાર ઉપરનું લક્ષ છોડાવવા કહ્યું છે. વિભાવ વ્યવહાર છે તેને ગૌણ કરી અભૂતાર્થ કહી સ્વભાવમાં તેનો અભાવ બતાવી સ્વભાવનો આદર કરવા કહ્યું છે.

**વસ્તુસ્વભાવના નિયમો ફરતા નથી. તારી દૃષ્ટિ ફેરવ. પર્યાયબુદ્ધિ છોડી સ્વભાવબુદ્ધિ કર.**

અજ્ઞાની જીવ નિમિત્તોને, સંયોગોને તથા રાગને ફેરવવા માગે છે. કોને ફેરવવું છે? કોઈના પ્રવાહને રોકી શકવાની તારી તાકાત નથી. જે વખતે જે નિમિત્ત આવવાનું તે નિમિત્ત તેના સ્વકાળે આવવાનું. પુણ્યના કાળે પુણ્યના ભાવ, પાપના કાળે પાપના ભાવ, પર્યાયના કાળે પર્યાય—એમ પ્રવાહ ક્રમ ચાલ્યા કરે છે. તેમાં કોઈ જીવ ફેરફાર કરી શકતો નથી. નિમિત્ત વગેરે પર છે ને રાગ જે ઉત્પન્ન થયો તેનો તે સમયે વ્યય કરી શકાતો નથી માટે તેને ફેરવવાની જે તારી દૃષ્ટિ છે તે અજ્ઞાનભાવ છે. તારી દૃષ્ટિ ફેરવ. વસ્તુસ્વભાવનાં નિયમને તું ફેરવી શકતો નથી. નિમિત્ત, સંયોગ, કર્મ, વિકાર, અથવા ક્ષાયોપશમિક પર્યાય ઉપરની રુચિ છોડ ને એકરૂપ અભેદ શુદ્ધ સ્વભાવની રુચિ કર. એ એક જ આદરણીય છે. સંસારદશામાં વિભાવ થાય છે—તેને વ્યવહારનય જાણે છે પણ તે આદરણીય નથી. શુદ્ધ સ્વભાવ વિભાવરહિત છે એમ નિશ્ચયનય જાણે છે. આમ પોતાના શુદ્ધસ્વભાવને યથાર્થ જાણે તો વ્યવહારનું જ્ઞાન સાચું કર્યું કહેવાય; નહિંતર વ્યવહારનું જ્ઞાન પણ સાચું નથી. નિશ્ચયનય આદરણીય છે. વ્યવહારનય જાણવા જેવો છે. વર્તમાન પર્યાયમાં વિભાવ છે એમ જ્ઞાન કરી શુદ્ધ સ્વભાવમાં વિભાવ નથી એમ નક્કી કરી રાગનું વલણ છોડી સ્વભાવ તરફ ઝૂકાવ કરવો તે સમ્યગ્દર્શનનું કારણ છે.

**શુદ્ધ જીવમાં પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ છે.**

શુદ્ધ જીવાસ્તિકાયને પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી માન–અપમાનના હેતુભૂત કર્મોદયનાં સ્થાન નથી. ચૈતન્યસ્વભાવ એકરૂપ શુદ્ધ છે, તેમાં ભલા–ભૂંડા રાગ-દ્વેષનો અભાવ છે. દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે મોહ તથા રાગ તે પ્રશસ્ત છે ને દેવ–ગુરુ પ્રત્યે કોઈ વિરોધભાવ કરતો હોય તેના પ્રત્યે દ્વેષ થાય તે પ્રશસ્ત દ્વેષ છે. સ્ત્રી–કુટુમ્બ–દુકાન પ્રત્યે મોહ તથા રાગ અપ્રશસ્ત છે ને સ્ત્રી કુટુમ્બથી પ્રતિકૂળ જીવો પ્રત્યે દ્વેષ તે અપ્રશસ્ત દ્વેષ છે. સંસારી જીવની પર્યાયમાં એક સમય પૂરતા મોહ–રાગ–દ્વેષના પરિણામ છે પણ સ્વભાવદૃષ્ટિથી જોવામાં આવે તો શુદ્ધ સ્વભાવમાં તેનો અભાવ છે. જે ભાવે તીર્થંકર પુણ્ય–પ્રકૃતિ બંધાય તે ભાવનો શુદ્ધસ્વભાવમાં અભાવ છે. સ્વભાવમાં મોહ–રાગ–દ્વેષનો અભાવ છે. તેથી માન–અપમાનના હેતુભૂત કર્મોદયના સ્થાનો નથી. જે સમયે માન–અપમાનની પર્યાય છે, તે જ સમયે ત્રિકાળી શુદ્ધ સ્વભાવ માન–અપમાનરહિત પડેલો છે. માટે અંતર્મુખ રુચિ કર. તારા શુદ્ધ આત્માની દૃઢતા એવી કર કે જેથી બીજી ચીજનું તને અભિમાન ન થાય, પુણ્ય–પાપનું અભિમાન છોડી સ્વભાવની રુચિ કરાવે છે.

**ત્રિકાળી સ્વભાવનું જ્ઞાન કરે તો પર્યાયનું જ્ઞાન સાચું છે ને તો જ જ્ઞાન પ્રમાણ થાય છે.**

જ્ઞાન જેમ છે તેમ જાણે. કર્મ કર્મમાં છે, નિમિત્ત નિમિત્તમાં છે. ચારિત્રની પર્યાયમાં દોષ એક સમય પૂરતો છે પણ ત્રિકાળી સ્વભાવમાં દોષ નથી. ત્રિકાળી

સ્વભાવ સામાન્ય છે ને પર્યાય વિશેષ છે. સામાન્ય સ્વભાવ રાગ-દ્વેષ રહિત છે એમ જ્ઞાન કરે તો વિશેષનું એટલે પર્યાયનું જ્ઞાન સાચું છે ને તો જ જ્ઞાન પ્રમાણ થાય છે. ત્રિકાળી સ્વભાવના જ્ઞાન વિના એકલી પર્યાયનું જ્ઞાન સાચું નથી. એટલે કે તેનું એકેય જ્ઞાન સાચું નથી. સમયે સમયે રુચિનું પરિણમન થઈ રહ્યું છે તે રુચિને સાચી બનાવવી હોય તો ત્રિકાળી શુદ્ધ સ્વભાવની રુચિ કર. ત્રિકાળી શુદ્ધ સ્વભાવની રુચિ ને જ્ઞાન કરતાં પર્યાયનું જ્ઞાન સાચું થાય છે.

**શુદ્ધ જીવમાં શુભપરિણતિ, શુભકર્મ ને હરખનાં સ્થાનોનો અભાવ છે.**

"શુદ્ધ જીવાસ્તિકાયને શુભપરિણતિનો અભાવ હોવાથી શુભકર્મ નથી. શુભકર્મનો અભાવ હોવાથી સંસારસુખ નથી, સંસારસુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો નથી."

દયા-દાન-ભક્તિ-પૂજા-સ્વાધ્યાય પાંચ મહાવ્રતાદિના ભાવ તે શુભપરિણતિ છે. જીવની એક સમયની પર્યાયમાં તે થાય છે પણ સ્વભાવદૃષ્ટિથી જોવામાં આવે તો શુદ્ધ જીવને શુભપરિણતિનો અભાવ છે. શુભપરિણતિનો અભાવ હોવાથી શુભકર્મનો પણ જીવમાં અભાવ છે. જીવમાં તીર્થંકર પુણ્ય-પ્રકૃતિનો અભાવ છે. કારણ કે જે પરિણતિથી તે કર્મ બંધાય છે તે પરિણતિનો જીવમાં અભાવ છે. ભક્તિ ને ભક્તિમાં નિમિત્ત જે ભગવાન તેનો તો જીવમાં અભાવ છે. પૂર્વે શુભભાવ કરેલા, તેના ફળમાં પુણ્ય બંધાયાં તેથી સામગ્રી મળી ને તેથી જીવ હરખની કલ્પના કરે છે એમ કોઈ કહે તો તે હરખનાં પરિણામ પર્યાયનાં પરિણામ છે, તે પરિણામ સાથે કર્મ ને સામગ્રી નિમિત્તરૂપે સંબંધ ધરાવે છે ને હરખની કલ્પના પણ પર્યાયમાં કરે છે પરંતુ શુદ્ધ જીવમાં શુભપરિણતિ નથી, કર્મ પણ નથી. સંસારસુખ નથી, તેમ જ હરખની કલ્પના પણ નથી. શુદ્ધ સ્વભાવ તે બધાથી રહિત છે.

**ધર્મી જીવને અનુકૂળ સંયોગો ને હરખના પરિણામ હોવા છતાં રુચિ શુદ્ધ સ્વભાવ ઉપર છે.**

ધર્મી જીવને ત્યાં મકાનનું વાસ્તુ હોય, દીકરાના લગ્ન હોય અથવા કમાણી થઈ રહી હોય ત્યારે પણ હરખના અભાવસ્વરૂપ સ્વભાવને તે સાધી રહ્યો છે. કોઈ પૂછે કે પચાસ લાખ રૂપિયા મળ્યા માટે હરખ થયો? પૂર્વે કર્મ બાંધ્યા હતા માટે છોકરાનો જન્મ થયો ને? ભાઈ! હરખના પરિણામ એક સમય પૂરતી અવસ્થામાં છે તે પરને લીધે નથી, પોતાના કારણે છે, પણ તે પરિણામનો ત્રિકાળી સ્વભાવમાં અભાવ વર્તે છે. ધર્મી જીવને હરખના પરિણામ હોવા છતાં ક્ષણે-પળે શુદ્ધ સ્વભાવને તે સાધી રહ્યો છે. હરખની પર્યાયબુદ્ધિ ધર્મી જીવને હોતી નથી. દુકાનનું મુહૂર્ત કર્યું હોય ને ઘેર લાપસી રાંધી હોય છતાં દૃષ્ટિ જડ પદાર્થો ઉપર તેમ જ હરખના ભાવ ઉપર નથી. શુદ્ધ સ્વભાવ ઉપર રુચિ છે તે જ ધર્મ છે.

**મિથ્યાદૃષ્ટિ જીવને પરની તથા હરખાદિ વિકારની રુચિ હોવાથી 'સ્વધર્મત્યાગ' વર્તે છે.**

અજ્ઞાની જીવ તો પર પદાર્થને પોતાના માની હરખાઈ જાય છે ને હરખ જેટલો જ આત્મા માની મિથ્યાત્વને સેવે છે. અજ્ઞાની જીવ સામાયિકમાં હોય '**तावकायं ठाणेणं**' વગેરે સામાયિકના પાઠના શબ્દો બોલતા દેખાય, દુકાનેથી નિવૃત્તિ લીધી દેખાતી હોય પણ આ શબ્દો હું બોલી શકું છું, શરીરને સ્થિર રાખી શકું છું, વળી શબ્દો બોલાયા, શરીર સ્થિર રહ્યું ને જરા કષાય મંદ થયો માટે ધર્મ થયો ને સામાયિક થઈ એવી પર્યાયબુદ્ધિ કરતો હોવાથી તેને શુદ્ધ સ્વભાવની રુચિ નથી, તેથી મિથ્યાત્વને સેવે છે, તેને ધર્મ થતો નથી. શુદ્ધ સ્વભાવની રુચિ નથી તેથી સ્વભાવનો અનાદર વર્તે છે ને પુણ્ય-પાપ, હરખ-શોકનો આદર વર્તે છે. તેથી તેને સ્વધર્મ ત્યાગ છે એટલે કે તેને સ્વભાવનો ત્યાગ વર્તે છે.

**શુદ્ધ જીવને જાણનાર જીવ જ પરપદાર્થો તથા નવતત્ત્વોને યથાર્થ જાણે છે. અજ્ઞાની પરને પણ યથાર્થ જાણતો નથી.**

અજ્ઞાની જીવ કહે કે "હું આ પરને તથા હરખના પરિણામ વગેરેને જાણું છું પણ આત્માને જાણતો નથી" તો તે પરને પણ યથાર્થ જાણતો નથી. તે બાહ્યમાં બોલે છે. પોતાને જાણ્યા વિના પરને તથા પોતાના પરિણામને યથાર્થ જાણી શકે નહિ. પોતે જાણનાર છે—એમ નક્કી કર્યા વિના હું દયા પાળનારો છું ને શુભભાવ કરનારો છું એવા પરિણામનું જ્ઞાન પણ ખોટું છે. પર પદાર્થો પરમાં છે. હરખ-શોકના પરિણામ પર્યાયમાં છે છતાં તે મારું સ્વરૂપ નથી, તેમ જ પરને લીધે તથા હરખને લીધે મારું જ્ઞાન નથી. મારો જ્ઞાનસ્વભાવ સ્વ-પર-પ્રકાશક સ્વતંત્ર છે. દયા-દાનાદિ કે હરખ-શોકના જેટલો હું નથી. હું તો જાણન.ર દેખનાર છું એમ સ્વભાવનો નિર્ણય કરી સ્વ તરફ વળતાં જે સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે તેમાં સ્વને જાણતાં પર જણાઈ જાય છે. પર્યાયમાં હરખ-શોકના પરિણામ થાય છે તેને પણ જાણી લ્યે છે. આમ ધર્મી જીવને શુદ્ધ જીવતત્ત્વનું યથાર્થ જ્ઞાન હોવાથી બાકીના આઠે તત્ત્વોને તે યથાર્થ જાણી લ્યે છે.

**અનેક પ્રકારે વ્યવહારના કથનો શાસ્ત્રમાં આવે પણ નિજ-આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરતાં બધા વ્યવહારધર્મનું જ્ઞાન થઈ જાય છે.**

અજ્ઞાની જીવ દલીલ કરે છે કે શાસ્ત્રમાં અનેક પ્રકારે વ્યવહાર-ધર્મના લખાણ આવે, તો અમારે કયા ધર્મને સ્વીકારવો ? બ્રહ્મચર્યની વાત આવે ત્યારે બ્રહ્મચર્ય જેવો કોઈ ધર્મ નથી એમ આવે, દયાના પરિણામની વાત આવે ત્યારે દયા એ જ ધર્મ છે એમ કહે, તપની વાત આવે ત્યારે તપનાં ખૂબ વખાણ આવે, તપશ્ચર્યા એ જ ધર્મ છે માટે ઉપવાસ, આયંબિલ, ઉપધાન વગેરે કરવાં એમ કથન આવે. સ્વાધ્યાયની વાત આવે ત્યારે સ્વાધ્યાય પરમ તપ છે માટે સ્વાધ્યાય કરવો. વિનયની વાત આવે ત્યારે વિનય જેવો બીજો કોઈ માર્ગ નથી માટે વિનય કરવો, ભક્તિ, યાત્રા વગેરેની વાત

આવે ત્યારે ભક્તિ–જાત્રા કરવી એમ આવે. આટલા બધા ધર્મોમાં અમારે કયા ધર્મને અંગીકાર કરવો ? એક ધર્મ કહો તો અમે તેને કરીએ. એક વાત કરોને ! આમ અજ્ઞાની જીવ વ્યવહારના કથનોને નહિ સમજતો દલીલ કરે છે તેને કહે છે કે ભાઈ, એ બધાં વ્યવહારના કથનો છે. તે અનેક પ્રકારના શુભભાવનું જ્ઞાન કરાવવા માટે છે.

શુભાશુભથી રહિત શુદ્ધ ચૈતન્યસ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન કર. તેના ખીલે તારી પર્યાયને બાંધ, તો ધર્મની દશા પ્રગટ થશે. બાકી શાસ્ત્રમાં શુભ–વ્યવહારધર્મના અનેક પ્રકારે લખાણ આવે તે જ્ઞાન કરવા માટે છે. શુભાશુભ કે વ્યવહાર આદરવા માટે નથી. નિશ્ચય શુદ્ધ સ્વભાવ એક જ આદરવા યોગ્ય છે.

**શુદ્ધ સ્વભાવમાં અશુભપરિણતિ, અશુભકર્મ અને અહર્ષ સ્થાનોનો અભાવ છે.**

"વળી (શુદ્ધ જીવાસ્તિકાયને) અશુભપરિણતિનો અભાવ હોવાથી અશુભકર્મ નથી. અશુભકર્મનો અભાવ હોવાથી દુઃખ નથી, દુઃખનો અભાવ હોવાથી અહર્ષસ્થાનો નથી."

જીવ પોતાનો સ્વભાવ ચૂકીને કામ–ક્રોધ–શોક આદિના ભાવ પર્યાયમાં કરે છે પણ શુદ્ધ આત્મામાં તેનો અભાવ છે ને તેથી અશુભકર્મનો અભાવ છે. અશુભકર્મ નહિ હોવાથી તેના તરફની દિલગીરીનો ભાવ નથી. પર્યાયમાં દિલગીરીના ભાવ થાય છે તે જ વખતે શુદ્ધ સ્વભાવમાં દિલગીરીના સ્થાનો નથી. દિલગીરી પર્યાયમાં કર્મને લીધે નથી પણ પોતાના અપરાધને લીધે છે એમ નક્કી કર્યા પછી તે બધા ભાવો શુદ્ધ સ્વભાવમાં નથી એમ કહી પર્યાયદષ્ટિ છોડાવી છે ને દ્રવ્યદષ્ટિ કરાવી છે.

હવે ૩૯ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:—

**શ્લોકાર્થ:—જે પ્રીતિ–અપ્રીતિ રહિત શાશ્વત પદ છે, જે સર્વથા–અંતર્મુખ અને પ્રગટ પ્રકાશમાન એવા સુખનો બનેલો, નભમંડળ સમાન અકૃત છે, ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે, જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે? શુદ્ધ આત્મા શાશ્વત છે, સર્વથા અંતર્મુખ છે, પ્રગટ પ્રકાશમાન છે, ચૈતન્યમૃતથી ભરેલો છે. ૫૫**

આત્મા પ્રીતિ–અપ્રીતિ રહિત કાયમ રહેનારો શુદ્ધ પદાર્થ છે.

વળી આત્મા સર્વથા અંતર્મુખ છે એટલે કોઈ પુણ્ય–પાપના ભાવોથી કે પર્યાયના આશ્રયે જણાયે તેવો નથી. ચૈતન્ય શુદ્ધભાવ આખો રુચિમાં લેવાથી તે જણાય તેવો છે. "વળી સર્વથા અંતર્મુખ' કહ્યું એનો અર્થ એ છે કે પર્યાયમાં પુણ્ય–પાપ હોવા છતાં તેનાથી તે જણાય તેવું નથી પણ સ્વભાવ તરફ વળવાથી જણાય તેવો છે.

એમ અનેકાંત છે. વળી પ્રગટ પ્રકાશમાન એવા આનંદથી ભરેલો છે. 'પ્રગટ' શબ્દ ને 'બનેલો' શબ્દ વાપર્યા છે. એટલે નવો ભાવ પ્રગટ થાય તેની વાત ન સમજવી પણ ત્રિકાળ શુદ્ધ સ્વભાવ એવો ને એવો પ્રકાશમાન છે તેમ સમજવું. કોઈ પ્રશ્ન કરે કે સાધક જીવને સર્વથા અંતર્મુખ કેમ કહ્યો? સર્વથા અંતર્મુખ તો કેવળજ્ઞાન પ્રગટે ત્યારે થાય છે.

સમાધાન:—સાધક જીવને અનેકાંતનું જ્ઞાન વર્તે છે. પર્યાયમાં રાગ-દ્વેષનું બાધકપણું વર્તે છે. નિમિત્તરૂપે કર્મ છે, તેમ જ અંશે શુદ્ધતા પણ છે. અંશે બહિર્મુખ ચારિત્ર અપેક્ષાએ હોવા છતાં દૃષ્ટિ અપેક્ષાએ બહિર્મુખ કિંચિત્ પણ નથી. અલ્પ રાગ વખતે પણ સર્વથા અંતર્મુખના નગારા વાગે છે, તેના જ ગાણાં ગાય છે, અલ્પ બહિર્મુખતા ગૌણ થઈ જાય છે, સર્વથા અંતર્મુખ શુદ્ધ સ્વભાવના ગાણા સાંભળીને જે હા પાડશે તે મુક્તિની નજીક આવશે. શ્રી સર્વજ્ઞની મુખેથી નીકળતી વાણીમાં ગણધરો બાર અંગ ને ચૌદ પૂર્વની રચના કરે છે. તેમાં તથા મુનિઓ શાસ્ત્ર લખે છે તેમાં આ જ ભણકાર છે, બીજું કાંઈ નથી.

વળી શુદ્ધ આત્મા કેવો છે? જેમ આકાશને કોઈએ બનાવ્યું નથી તેમ આત્માને કોઈએ બનાવ્યો નથી. આત્મા અંતર્મુખ પ્રગટ અતીન્દ્રિય સુખનો પિંડ છે. સ્વયંસિદ્ધ શાશ્વત છે. આકાશક્ષેત્ર અપેક્ષાએ વ્યાપક છે ને આત્મા જ્ઞાનભાવની અપેક્ષાએ વ્યાપક છે. પોતાના આખા ચૈતન્યમાં વ્યાપેલો છે. તેમાં રહીને સર્વ પદાર્થોને તે જાણે છે. વળી અનાદિનો છે માટે જૂનો થઈ ગયો એમ નથી, એવો ને એવો તાજો છે. નવો નથી તેમ જૂનો થતો નથી.

વળી આત્મામાં ચૈતન્ય અમૃત ભરેલું પડ્યું છે. બહારનું શરીર તેનું શરીર નથી, પુણ્ય-પાપના ભાવ તેનું શરીર નથી, વળી એક સમયની પર્યાય જેટલો નથી પણ ત્રિકાળ ચૈતન્યપૂરથી ભરેલો છે. એવું એનું સ્વરૂપ એટલે જ્ઞાન શરીર છે, ગમે તેટલી જ્ઞાન-પર્યાયો પ્રગટ થાય તોપણ તે ખૂટે તેવો નથી.

જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગૌચર છે, ગમે તે કાળે, ગમે તે ક્ષેત્રે હો, તોપણ શુદ્ધ સ્વભાવ એવો ને એવો પડ્યો છે, માટે શરણ લેવા જેવો છે, પુણ્ય-પાપ કે અધૂરી પર્યાય શરણ લેવા જેવી નથી, માટે જે વિચાર કરે છે ને શુદ્ધ સ્વભાવ આવો છે એવો નિર્ણય કરે છે તેવા સમ્યગ્દૃષ્ટિ જીવને-સ્વભાવ જણાય તેવો છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે શુદ્ધ સ્વભાવ કેવળજ્ઞાનથી પણ જણાય તેવો નથી એમ આગળ કહેલું છે ને અહીં સમ્યગ્દૃષ્ટિને ગોચર છે એમ કેમ કહ્યું?

સમાધાન:—બંનેમાં વિવક્ષા ફેર છે. આગળ અગોચર કહેલ ત્યાં કહેવાનો આશય એ હતો કે ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવો પર્યાયો છે, તે સમયે સમયે પલટે છે. પર્યાયના

આશ્રયે આત્માનો અનુભવ થઈ આગળ વધાતું નથી. પર્યાયમાંથી પર્યાય આવતી નથી, પણ પરમપારિણામિક ભાવના આશ્રયે આગળ વધાય છે ને નિર્મળતા પ્રગટે છે. તેથી પર્યાય ઉપરનું લક્ષ છોડાવવા ને શુદ્ધ સ્વભાવનું લક્ષ કરાવવા તે ભાવો પર્યાયો હોવાથી તેનાથી અગમ્યઅગોચર કહ્યો હતો. અહીં વિચારવંત ડાહ્યા પુરુષો પરમપારિણામિકભાવનો આશ્રય લ્યે છે ને ભેદનો આશ્રય છોડયો છે માટે અભેદનો જે આશ્રય લ્યે છે તેને આત્માનો અનુભવ થાય છે એ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ આત્મા ગોચર છે એમ કહ્યું છે.

**મુનિરાજ કરુણા કરી કહે છે કે શુદ્ધસ્વભાવની રુચિ કર ને પર્યાયબુદ્ધિ છોડ.**

"એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે?"

અહીં મુનિરાજ કરુણા કરી કહે છે કે આવો અનાદિ અનંત એકરૂપ શુદ્ધ આત્મા પડયો છે તેની રુચિ કેમ કરતો નથી અને પુણ્યથી ધર્મ થાય, નિમિત્તથી કાર્ય થાય એવી પર્યાયબુદ્ધિને કેમ ઇચ્છે છે? વ્યવહારરત્નત્રયના પરિણામ પણ દુષ્કૃતરૂપ સંસાર છે. માટે કોઈપણ શુભભાવને તું કેમ ઇચ્છે છે? એટલે કે નિમિત્તની, વિકારની, પર્યાયની રુચિ છોડ ને ત્રિકાળી શુદ્ધ સ્વભાવની રુચિ કર. એમ મુનિરાજ કરુણાબુદ્ધિથી કહે છે.

**શુદ્ધસ્વભાવની વાત બહાર પ્રગટ આવવા છતાં તેની રુચિ જે કરતો નથી પણ ક્રિયાકાંડની રુચિ કરે છે તેનો જૂનાગઢના રા'ની જેમ દી ફર્યો છે.**

જૂનાગઢનો રાજા 'રા' હતો તેને એક જુવાન ચારણ બાઈ ચાંદલો કરવા આવે છે ત્યારે 'રા' તે ચારણ બાઈના રૂપમાં મોહી પડે છે. ચારણ બાઈ કહે છે કે અમે ભલે તમારી નોકરી કરીએ પણ પતિવ્રતા છીએ અમે રાજાને પણ ઇચ્છીએ નહિ. ચારણબાઈ વિચારે છે કે 'રાજા પોતાની રાણીને મૂકીને મારામાં મોહી પડયો છે ને ચાંદલો કરતાં મોઢું ફેરવી નાખે છે. જરૂર 'રા નો દી ફર્યો લાગે છે.' તેમ શુદ્ધ ચૈતન્ય સ્વભાવનાં ગાણાં પ્રગટ બહાર આવ્યાં. આચાર્ય–ભગવંતો કહે છે કે તારા શુદ્ધ સ્વભાવની રુચિ કર, નિમિત્તની, પુણ્યની રુચિ છોડ, વાત ઘણે પડખેથી બહાર આવી ને પોતાના ચૈતન્યના સ્વરાજ્યમાં સિદ્ધપદને નિહાળવાના–બેસાડવાનાં ટાણાં આવ્યાં ત્યારે અજ્ઞાનીઓ સિદ્ધપદરૂપી સ્વલક્ષ્મીનો નકાર કરે છે ને ખૂબ વિરોધ કરે છે કે આવો તે ધર્મ હોય, આવું માનવાથી જડવાદનો પ્રચાર થઈ જાય છે, વ્યવહાર ઉથાપાય છે, નિમિત્તને ઉથાપે છે, ક્રિયાકાંડને ઉથાપે છે–આમ ચારે કોરથી વિરોધ કરી પોતાના શુદ્ધ સ્વભાવનો નકાર કરે છે તેવા જીવોનો "જૂનાગઢના 'રા'ની જેમ દિ' ફર્યો છે ને તેથી તેમનો સંસાર ચાલુ રહે છે.

મુનિરાજ કરુણાથી કહે છે કે ભાઈ, આવા શુદ્ધસ્વભાવની રુચિ કર તો ધર્મદશા પ્રગટ થઈ, કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને તું વરીશ. [ક્રમશઃ]

—✻—

# * વૈરાગ્યજનની : બાર ભાવના *

[ શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

લોકમાં રહેલા છ દ્રવ્યોનું વર્ણન કરે છે. તેમાં જીવનું વર્ણન કર્યું છે. હવે પુદ્‌ગલનું વર્ણન કરતાં તેની શક્તિ બતાવે છે. જીવના કેળળજ્ઞાનને ઘાતવામાં નિમિત્ત થાય એવી તેની શક્તિ છે, પણ કર્મ જીવના ગુણને ઘાતે છે—એવો તેનો અર્થ નથી. જીવના પોતાના અપરાધથી જ્ઞાનનો ઘાત થાય છે ત્યારે તેમાં નિમિત્ત થવાની તાકાત પુદ્‌ગલમાં છે.

એક જીવ બીજા જીવને ઉપકાર કરે છે તેમાં પૂર્વના પુણ્ય નિમિત્ત છે. બહારનાં અનુકૂળ સાધન પુણ્ય વિના મળે નહિ. પુત્રની સેવા માતા-પિતા કરે છે તો તેમાં માતા-પિતાએ ઉપકાર કર્યો એમ કહેવાય છે. પણ ત્યાં પ્રધાન નિમિત્ત તો પુત્રના પુણ્ય છે. એ જ પ્રમાણે ગુરુ-શિષ્યમાં, સરદાર–ચાકરમાં પણ પૂર્વના પુણ્ય તે મુખ્ય નિમિત્ત છે. અહીં પુણ્યને મુખ્ય નિમિત્ત કહ્યું તે બહારના બીજા જીવોની અપેક્ષાએ તેની પ્રધાનતા બતાવવા કહ્યું છે પણ ઉપાદાન કરતાં તેની પ્રધાનતા છે એમ નથી કહેવું. કાર્ય તો ઉપાદાનથી જ થાય છે. એટલે ઉપાદાન તે જ પ્રધાનહેતુ છે પણ તે વખતે નિમિત્તમાં પ્રધાન નિમિત્ત શું છે તે બતાવવા માટે પૂર્વકર્મને પ્રધાન નિમિત્ત કહ્યું છે એમ સમજવું. એ તો જીવની વાત કરી.

હવે પુદ્‌ગલદ્રવ્યમાં પણ એવી શક્તિ છે કે જીવ પોતાનું કેવળજ્ઞાન પ્રગટ નથી કરતો ત્યારે તેને કેવળજ્ઞાન ન થવામાં તે નિમિત્ત થાય છે. નિમિત્ત તરીકે પુદ્‌ગલનું ઉત્કૃષ્ટ પરિણમન કેવું છે તે અહીં બતાવવું છે પણ કાંઈ કર્મના કારણે જીવની દશા હીણી થાય છે એમ નથી. દરેક વસ્તુ પોતાની કાળાદિલબ્ધિ સહિત જ છે. પદાર્થ પોતાની કાળાદિલબ્ધિથી પરિણમન કરે છે, તેને રોકવા કોઈ સમર્થ નથી ને કોઈ બીજો તેના પરિણમનને કરતો નથી. [ ગાથા ૨૧૨ તથા ૨૧૩ નો અર્થ ભાવાર્થ મૂળમાંથી જોઈ લેવો ] આગળ 'આકાશમાં' જેમ સર્વ દ્રવ્યોને અવગાહ આપવાની શક્તિ છે તેથી અવગાહ આપવાની શક્તિ બધાય દ્રવ્યોમાં છે એમ કહે છે.

**सर्वेषां द्रव्याणां अवगाहनशक्तिः अस्ति परमार्थतः ।**
**यथा भस्मपानीययोः जीवप्रदेशानां जानीहि बहुकानां ॥ २१४ ॥**

અર્થ:—બધાય દ્રવ્યોમાં પરસ્પર અવગાહ આપવાની શક્તિ છે એમ નિશ્ચયથી

તમે જાણો. જેમ ભસ્મ અને જળમાં ( પરસ્પર ) અવગાહન શક્તિ છે તેમ જીવના અસંખ્યાત પ્રદેશોને પણ જાણો.

એક બીજાને પરસ્પર અવગાહન આપે એવી સામાન્ય અવગાહન શક્તિ બધાય દ્રવ્યોમાં છે. જો બધાં દ્રવ્યોમાં પરસ્પર અવગાહન આપવાની શક્તિ ન હોય તો એકક્ષેત્રે છએ દ્રવ્યો કેમ રહી શકે? પણ આકાશમાં એવી વિશેષ અવગાહન શક્તિ છે કે એક સાથે બધાંય દ્રવ્યોને અવગાહન આપે છે. બધાં દ્રવ્યોને એક સાથે અવગાહન આપે એવો સ્વભાવ તો આકાશનો જ છે. ધર્માસ્તિકાય તો ગતિનું કારણ છે, પણ તે બધાં દ્રવ્યોને અવગાહન આપે એવો તેનો સ્વભાવ નથી. જેમ જ્યાં ભસ્મ અને પાણી એકબીજાને જગ્યા આપે છે. ભસ્મ ભરી હોય તેમાં પાણી નાખો તો સમાય; તેમ જીવના અસંખ્યપ્રદેશો છે ત્યાં બીજો જીવ રહી શકે છે. બીજા પરમાણુ કાળ વગેરે પણ રહી શકે છે. એ રીતે બધાં દ્રવ્યોમાં એવો અવગાહન સ્વભાવ છે કે એકક્ષેત્રે રહેવામાં કોઈ કોઈને નડતર કરતું નથી. આકાશ તો બધા દ્રવ્યોને જગ્યા આપે જ છે, પણ તે ઉપરાંત બીજા દ્રવ્યો પર પરસ્પર અવગાહ આપે છે.

ભાવાર્થ:—જેમ પાત્રમાં જળ ભરી તેમાં ભસ્મ નાખીએ તો તે તેમાં સમાય છે. વળી તેમાં સાકર નાખીએ તો તે પણ સમાય છે, અને તેમાં સોય ચાંપીએ તો તે પણ તેમાં સમાય છે—એમ અવગાહનશક્તિ સમજવી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે—બધાંય દ્રવ્યોમાં અવગાહનશક્તિ છે તો એ ( અવગાહનશક્તિ ) આકાશનો અસાધારણ ધર્મ કેવી રીતે ઠર્યો ? તેનું સમાધાન—જો કે પરસ્પર અવગાહ તો બધાંય દ્રવ્યો આપે છે તથાપિ આકાશદ્રવ્ય સર્વથી મોટું છે તેથી તેમાં બધાંય દ્રવ્યો સમાય છે એ જ તેની અસાધારણતા છે.

**यदि न भवति सा शक्तिः स्वभावभूता हि सर्वद्रव्याणां ।**
**एकैकाशप्रदेशे कथं तानि सर्वाणि वर्तन्ते ॥ २१५ ॥**

અર્થ:—જો સર્વ દ્રવ્યોને સ્વભાવભૂત અવગાહનશક્તિ ન હોય તો એક એક આકાશના પ્રદેશમાં સર્વ દ્રવ્ય કેવી રીતે વર્તે ? ૨૧૫.

આકાશનો એવો વિશેષ અવગાહન સ્વભાવ છે કે જગતના બધા પદાર્થોને એક સાથે જ અવગાહન આપે છે અને બીજા દ્રવ્યો પણ પરસ્પર અવગાહન આપે છે. આકાશના એક જ પ્રદેશે અનંતા જીવોના અનંત-અસંખ્યપ્રદેશો રહેલા છે. એટલે એક આકાશના પ્રદેશમાં અનંતા પ્રદેશો જુદા જુદા જીવના રહેલા છે. જગતનો એવો કોઈ પ્રદેશ નથી કે જ્યાં બધા જીવના થઈને અનંતા પ્રદેશો ન હોય. એક જીવના તો

અસંખ્ય પ્રદેશો જ છે અને આકાશના એક પ્રદેશે તેનો અસંખ્યાતમો ભાગ રહેલો છે. એક આકાશપ્રદેશે એક જીવના અસંખ્યપ્રદેશો રહે, તો અનંત જીવના કેટલા રહે?-કે અસંખ્યાતથી પણ અનંતાગુણા પ્રદેશો રહેલા છે.

જુઓ, એક જીવના પ્રદેશ લોકપ્રમાણ અસંખ્યાત છે. કેવળીભગવાન જ્યારે સમુદ્દ્ઘાત કરે ત્યારે આકાશના એક પ્રદેશે તે જીવનો એક પ્રદેશ રહે છે. હવે કોઈ જીવ જો અડધો લોક રોકે તો આકાશના એક પ્રદેશે તેના બે પ્રદેશો રહે. એ પ્રમાણે ગણતરી કરતાં લોકના અસંખ્યાતમાં ભાગમાં જીવ રહે ત્યારે એક પ્રદેશે જીવના અસંખ્ય પ્રદેશો રહે છે, તે એક જીવના અસંખ્ય એવા અનંતા જીવોના દરેકના અસંખ્ય-પ્રદેશો એક જ આકાશના પ્રદેશે રહેલા છે, એટલે એક આકાશપ્રદેશમાં બધા જીવના થઈને અનંત પ્રદેશો રહેલા છે.

એક જીવના બધા પ્રદેશો આકાશના એક પ્રદેશમાં ન રહી શકે. ઓછામાં ઓછા અસંખ્યપ્રદેશ તો જીવ રોકે જ. પણ જુદા જુદા જીવના મળીને અનંતપ્રદેશો એક આકાશ-પ્રદેશમાં રહે છે.

એક આકાશપ્રદેશમાં જીવોનાં અનંતપ્રદેશો, પરમાણુઓ અનંત, એક કાળાણુ, એક ધર્માસ્તિકાયનો પ્રદેશ ને એક અધર્માસ્તિકાયનો પ્રદેશ; એ પ્રમાણે લોકમાં એકેક પ્રદેશે છયે દ્રવ્યો રહેલાં છે એવી દરેક દ્રવ્યની પણ પરસ્પર અવગાહનશક્તિ છે. આવો લોકનો સ્વભાવ છે ને તેને જાણવાનો જીવનો સ્વભાવ છે.

હવે કાળદ્રવ્યનું સ્વરૂપ કહે છે.

**सर्वेषां द्रव्याणां परिणामं यः करोति सः कालः ।**
**एकैकाकाशप्रदेशे वर्तते एकैकः च एव ॥ २१६ ॥**

**અર્થઃ—જે સર્વ દ્રવ્યોને પરિણામ કરે છે તે કાળદ્રવ્ય છે અને એક એક આકાશના પ્રદેશમાં એક એક કાળાણુદ્રવ્ય વર્તે છે. ૨૧૬.**

સ્વદ્રવ્યના પરિણામને પરદ્રવ્ય કરે એમ કહેવું તે વ્યવહારનું કથન છે. કાળને સિદ્ધ કરવા માટે અહીં એમ કહ્યું છે કે કાળદ્રવ્ય સર્વ દ્રવ્યોને પરિણામ કરે છે. કેમકે બધાં દ્રવ્યોને પરિણમનમાં નિમિત્ત થવાની તાકાત કાળદ્રવ્યમાં જ છે. પણ પરિણમવાનો સ્વભાવ કોનો? પરિણમવાનો સ્વભાવ તો સર્વદ્રવ્યોનો પોતાનો જ છે. સિદ્ધ ભગવંતો પણ પોતપોતાના પરિણમનસ્વભાવથી જ પરિણમે છે. કાંઈ કાળને આધીન થઈને તેમને પરાણે પરિણમવું પડતું નથી.

ભાવાર્થઃ—સર્વ દ્રવ્યોને સમય સમય પર્યાય ઊપજે છે અને વિણસે છે, એવા

પરિણમનને નિમિત્તમાત્ર કાળદ્રવ્ય છે. લોકાકાશના એક એક પ્રદેશમાં એક એક કાળાણુ રહે છે અને તે નિશ્ચયકાળ છે.

આગળ કહે છે કે પરિણમવાની શક્તિ તો સ્વભાવભૂત સર્વદ્રવ્યોમાં છે અને ત્યાં અન્ય દ્રવ્ય નિમિત્તમાત્ર છે.

निजनिजपरिणामान् निजनिजद्रव्यं अपि कारणं भवति ।
अन्यत् बाह्यद्रव्यं निमित्तमात्रं विजानीत ॥ २१७ ॥

**અર્થ:—સર્વ દ્રવ્યો પોતપોતાના પરિણામોના ઉપાદાનકારણ છે અને અન્ય બાહ્યદ્રવ્ય છે તે અન્યને નિમિત્તમાત્ર જાણો. ૨૧૭.**

અહો! સ્વભાવભૂત પરિણમન શક્તિ છે. તેને બદલે અજ્ઞાની જીવો પરાધીનપણું શોધે છે. સિદ્ધથી માંડીને નિગોદના બધા જીવો તેમ જ પરમાણુ વગેરે બધા દ્રવ્યો પોતપોતાની સ્વભાવશક્તિથી જ પરિણમે છે. પોતાના પરિણામોનું ઉપાદાનકારણ પોતે જ છે. કાળને લીધે કોઈને પરિણમવું પડતું નથી. અન્ય બાહ્યદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. તેમાં બધા દ્રવ્યોને પરિણમનમાં નિમિત્ત થવાનો સ્વભાવ કાળદ્રવ્યમાં છે.

ભાવાર્થ:—જેમ ઘટ આદિને માટી ઉપાદાનકારણ છે અને ચાક દંડાદિ નિમિત્તકારણ છે, તેમ સર્વ દ્રવ્યો પોતપોતાના પરિણમનમાં ઉપાદાનકારણ છે અને કાળદ્રવ્ય નિમિત્ત-કારણ છે.

ઘડો માટીના પરિણામથી જ થાય છે. બાહ્યદ્રવ્યો તો નિમિત્તમાત્ર છે, તેમ બધા દ્રવ્યોનાં પરિણામ પોતાના સ્વભાવથી જ થાય છે. બીજું દ્રવ્ય તેનું કર્તા નથી. બાહ્યદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. આગળ કહે છે કે બધા દ્રવ્યોને પરસ્પર ઉપકાર છે તે સહકારી-કારણભાવથી છે.

सर्वेषां द्रव्याणां यः उपकारः भवति अन्योन्यं ।
सः च एव कारणभावः भवति स्फुटं सहकारिभावेन ॥ २१८ ॥

**અર્થ:—બધાય દ્રવ્યોને જે પરસ્પર ઉપકાર છે તે સહકારીભાવથી કારણભાવ થાય છે અને તે પ્રગટ છે. ૨૧૮.**

બીજું દ્રવ્ય નિમિત્ત તરીકે ઉપસ્થિત હોય છે પણ ઉપાદાનની શક્તિથી કાર્ય થાય છે. બનારસીદાસજીએ પણ કહ્યું છે કે:—

“ उपादान निजगुण जहाँ, तहाँ निमित्त पर होय ”

જ્યાં ઉપાદાન હોય ત્યાં નિમિત્ત તરીકે પરવસ્તુ હોય છે, છતાં પરિણામ તો દ્રવ્યની

પોતપોતાની પરિણમનશક્તિથી જ થાય છે. એ વાત કહે છે.

આગળ દ્રવ્યોમાં સ્વભાવભૂત નાના (પ્રકારની) શક્તિ છે તેને કોણ નિષેધી શકે છે? તે કહે છેઃ—

**कालदिलब्धियुक्ताः नानाशक्तिभिः संयुताः अर्थाः ।**
**परिणममानाः हि स्वयं न शक्यते कः अपि वारयितुं ॥ २१९ ॥**

**અર્થઃ—બધાય પદાર્થો કાળાદિલબ્ધિ સહિત થતાં નાના શક્તિયુક્ત છે, તેમ જ સ્વયં પરિણમે છે તેને તેમ પરિણમતાં કોઈ અટકાવવા સમર્થ નથી. ૨૧૯.**

જીવ જીવના સ્વભાવપણે રહીને પોતાની શક્તિથી જ સ્વકાળલબ્ધિથી પરિણમે છે. જીવ કાંઈ પુદ્‌ગલરૂપે પરિણમી જતો નથી, પુદ્‌ગલ કાંઈ જીવપણે થઈ જતો નથી. બધા દ્રવ્યો પોતપોતાના સ્વભાવે જ પરિણમે છે. જીવ–જીવપણે જ પરિણમે છે. પુદ્‌ગલ–પુદ્‌ગલપણે પરિણમે છે. છએ દ્રવ્યો પોતપોતાની સ્વકાળલબ્ધિથી જ પરિણમે છે. કેવળજ્ઞાન રોકાયું તે જીવની કાળલબ્ધિથી રોકાયું છે. કેવળજ્ઞાનાવરણ કર્મે રોક્યું તે તો કથનમાત્ર છે. સ્વકાળલબ્ધિથી સ્વયં પરિણમતાં છએ દ્રવ્યોને અટકાવવા કોઈ સમર્થ નથી. કોઈ દ્રવ્ય પરને લીધે પરિણમતું નથી, પણ પોતાનો સ્વભાવ અને પોતાની સ્વકાળની લબ્ધિ પામીને જ સ્વયં પરિણમે છે, કેવળીની સભામાં ગયો ત્યાં પણ જીવ પોતાની કાળલબ્ધિથી યુક્ત થઈને જ પરિણમે છે, કેવળી તેને પરિણમાવતા નથી. નિગોદનો જીવ પોતાની કાળાદિલબ્ધિથી જ નિગોદમાં રહ્યો છે. કર્મે તેને ત્યાં રોકાયો નથી, તેમ જ નિગોદમાંથી નીકળીને સ્વકાળલબ્ધિથી મનુષ્ય થાય—તો કાંઈ કર્મ તેને પરિણમતાં અટકાવતું નથી. દરેક દ્રવ્યની સમય-સમયની પર્યાય સ્વતંત્ર છે. તો હું શું કરું પરને? ને પર શું કરે મને? એટલે જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવની શ્રદ્ધા કરીને વીતરાગભાવે રહેવું તેનું નામ ધર્મ છે. જગતના પદાર્થો જેમ પરિણમે તેમ તેને જાણવાનો જીવનો સ્વભાવ છે, પણ તેને પરિણમતા અટકાવવા કોઈ સમર્થ નથી. કેવળી ભગવંતો પોતાની પૂર્ણ I કરીને ચાલ્યા ગયા, પણ બીજા જીવોનું તો કેવળી પણ કરી શક્યા નથી, સ્વયં જીવો પરિણમે તેમાં બીજો શું કરે? परिणममानाः हि स्वयं, न शक्यते कः अपि वारयितुं"—પોતાની શક્તિથી સ્વયં પરિણમતાં દ્રવ્યોને રોકવા કોઈ સમર્થ નથી. જુઓ, પહેલાં કહ્યું હતું કે પુદ્‌ગલદ્રવ્ય જીવના કેવળજ્ઞાનનો ઘાત કરે છે ને અહીં કહ્યું કે બધાંય દ્રવ્યો પોતાની સ્વકાળલબ્ધિથી જ પરિણમે છે.—તો શું તે બે કથનમાં વિરોધ છે? ના. વિરોધી નથી, પણ પહેલું કથન તો પુદ્‌ગલનું સ્વરૂપ બતાવવા માટે નિમિત્તના ઉપચારથી કહ્યું હતું ને આ કથન યથાર્થ છે. જીવ પોતાની શક્તિથી જ જ્ઞાનની હીનતાપણે પરિણમે છે. કાળાણુ, ધર્માસ્તિકાય વગેરે બધાય દ્રવ્યોમાં પોતપોતાની કાળાદિલબ્ધિઓ છે. એકલા જીવમાં જ કાળાદિલબ્ધિ છે—એમ નથી. છએ દ્રવ્યો પોતપોતાની કાળાદિલબ્ધિથી જ

પરિણમી રહ્યાં છે. બીજું દ્રવ્ય નિમિત્ત હો ભલે, પણ પદાર્થો તો પોતપોતાના પરિણામરૂપ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળની સામગ્રી અનુસાર જ પરિણમે છે, તેને કોઈ અટકાવતું નથી. હું તો જ્ઞાતા ચિદાનંદ છું, જગતના પદાર્થો તેની પર્યાયની કાળલબ્ધિથી પરિણમી રહ્યા છે, તેનો હું જ્ઞાતા છું—આવી પ્રતીતિ કરવી તે ધર્મ છે. આ મિથ્યા નિયતવાદ નથી, પણ વસ્તુસ્વરૂપનો યથાર્થ નિર્ણય છે. ગોમ્મટસારમાં મિથ્યાદૃષ્ટિનું નિયતવાદનું વર્ણન કર્યું છે, તે જુદી વાત છે. ત્યાં તો તે જીવ સર્વજ્ઞની પ્રતીત કર્યા વગર નિયતને માને છે, તેથી તેનું નિયત મિથ્યા છે ને આ સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં આગળ ૩૨૧-૩૨૨ મી ગાથામાં કહેશે કે:—

"જે જીવને જે દેશમાં, જે કાળમાં, જે વિધાનથી જન્મ-મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્ર આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જે પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રાણીને તે જ દેશમાં, તે જ કાળમાં, તે જ વિધાનથી નિયમથી થાય છે, તેને ઇંદ્ર કે જિનેંદ્ર-તીર્થંકરદેવ કોઈપણ અટકાવી શકતા નથી."

જુઓ, આ સમ્યગ્દૃષ્ટિની વાત છે, સર્વજ્ઞના નિર્ણય સહિત ને પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીત સહિત સમ્યગ્દૃષ્ટિ જીવ આવું વસ્તુસ્વરૂપ વિચારે છે; તે મિથ્યા નિયતવાદ નથી, પણ યથાર્થ વસ્તુસ્થિતિ છે.

ભાવાર્થ:—સર્વ દ્રવ્યો, પોતપોતાના પરિણામરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ સામગ્રીને પામી પોતે જ પરિણમે છે તેને કોઈ અટકાવી શકતું નથી. —*— (ક્રમશઃ)

જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીસે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યાં જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડ્યો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઊતરી જાય છે, એને પ્રતિકૂળતા નડતી જ નથી ને! અને સ્વર્ગની અનુકૂળતામાં પડ્યો હોય તોપણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઊતરી જાય છે અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે! મારે આમ છે ને તેમ છે—તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઊતરી જા ને ભાઈ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી.

—પૂજ્ય ગુરુદેવશ્રી

[ હું તો સદા....પાનું ૨ થી ચાલુ ]

ક્ષણે ક્ષણે પલટે છે; વસ્તુસ્વરૂપે નિત્ય રહીને પર્યાય–અપેક્ષાએ અનિત્યતારૂપ પરિણમે છે. જીવત્વસ્વભાવે કાયમ રહીને મનુષ્યાદિ કે રાગાદિ પર્યાયે પરિણમે છે.

**'તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે.'**

દ્રવ્ય-અપેક્ષાએ 'ટકવું' અને પર્યાય-અપેક્ષાએ 'બદલવું' જેનું સનાતન સ્વરૂપ છે એવા આ આત્માનું ધ્રૌવ્ય અર્થાત્ કાયમ રહેનારું સ્વરૂપ કાંઈ ખાલીખમ નથી, પરંતુ સહજજ્ઞાન ને સહજ-આનંદ આદિ અનંત અનંત ગુણસમૃદ્ધિઓથી ભરપૂર ભરેલું છે. અહા! કેટલી સાદી ભાષા છે! આત્મા અનંત ગુણોનો ભંડાર છે—એમ શ્રી ગુરુએ ઉપદેશમાં બતાવ્યું અને શિષ્યે તેને ખ્યાલમાં લીધું, પરંતુ ખ્યાલમાં લેવા માત્રથી સમ્યગ્દર્શન થઈ જતું નથી. ગુરુની વાણી તો નિમિત્તરૂપ વ્યવહાર છે, સમ્યગ્દર્શનરૂપ કાર્ય તો ઉત્પાદ-વ્યયરૂપ નિજ પરિણતિને ધ્રુવ જ્ઞાયક તરફ—નિશ્ચય સ્વભાવ તરફ—ઝુકાવવાથી પ્રગટે છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટવાની અસલી આધારભૂમિ તો ત્રિકાળ શુદ્ધ જ્ઞાયકભાવ છે, શ્રવણ કે શાસ્ત્ર તે કાંઈ જ્ઞાનની અસલી આધારભૂમિ નથી, સાધનામય જ્ઞાનની મૂળ આધારભૂમિ તો ત્રિકાળી ભરપૂર જ્ઞાયકભાવ છે.

'બહેનશ્રીનાં વચનામૃત' વાંચીએ છીએ ને? અહા! આ તો અલૌકિક વાત છે. બેન તો અંતરમાંથી રાત્રિના વાંચનમાં થોડું થોડું બોલી ગયાં હતાં. ૬૪ બાળબ્રહ્મચારી દીકરિયું છે ને? તેમાંથી ૯ દીકરિયુંએ લખી લીધું. હિંમતભાઈએ એ વાંચીને આ (પુસ્તક) બનાવ્યું ને બહાર આવ્યું. તે પુસ્તકમાંથી ૩૮૨મો બોલ અત્યારે આપણે વાંચીએ છીએ. વિષય સૂક્ષ્મ છે. ભગવાન આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. ધન, મકાન, કુટુંબ વગેરે તો આ આત્માથી ભિન્ન છે જ, પણ આત્મા સાથે એકક્ષેત્રે રહેલાં શરીર, વાણી, ઇંદ્રિયો, કર્મ પણ ભિન્ન જ છે, અરે! પુણ્ય-પાપના જે વિકલ્પો થાય છે તે પણ આત્માનો સ્વભાવ નથી. આત્મા 'સત્' હોવાથી તેનું સ્વરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે. તે સ્વભાવે કાયમ એકરૂપ રહીને નવી નવી અવસ્થારૂપે પલટે છે. ઓછી-વત્તી અવસ્થારૂપે પલટવાના સમયે પણ આત્માનું કાયમ રહેનારું સ્વરૂપ—ધ્રૌવ્ય—કાંઈ ઓછુંવત્તું કે ખાલી નથી, પરંતુ ભરપૂર ભરેલું છે.

**'તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે.'**

આત્માનું કાયમ રહેનારું સ્વરૂપ અનંત અનંત ગુણોથી ભરેલો ભરપૂર ભંડાર છે. તે અભેદ પરિપૂર્ણ જ્ઞાયકભંડાર પર દૃષ્ટિ દેવાથી, અંતરમાં તેનો યથાર્થ મહિમા આવવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. અરેરે! આત્માની કોને પડી છે? મારું શું થશે? આ દેહ છૂટયા પછી ઉતારા કયાં થશે?—તેનો કદી વિચાર કર્યો છે ભાઈ? ભગવાન

આત્મા તો કાયમ રહેનાર ધ્રુવ પદાર્થ છે, તે ક્યાં જાય? જાગતો જીવ ઊભો છે તે પોતાના મૂળ સ્વરૂપે કાયમ રહીને નવી નવી અવસ્થારૂપે ઉત્પાદ-વ્યય કર્યા કરે છે. રંગ, રાગ ને ભેદથી પણ રહિત અભેદ જ્ઞાયક ઉપર દૃષ્ટિ દેવાથી શાશ્વત સુખના હેતુભૂત આત્મદર્શન ને આત્મજ્ઞાન પ્રગટે છે. માટે, હે જીવ! તું પણ, જેમાં જ્ઞાન, દર્શન, સુખ વગેરે અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે એવા પરિપૂર્ણ કાયમ રહેનારા જ્ઞાયકસ્વરૂપમાં દૃષ્ટિ લગાવી દે.

અહા! જેમનું સ્થાન શાસનમાં ત્રીજે નંબરે આવે છે—પહેલે નંબરે 'मंगलं भगवान् वीरो', બીજે નંબરે 'मंगलं गौतमो गणी' અને ત્રીજે નંબરે 'मंगलं कुन्दकुन्दार्यो' —એવા મહાન આચાર્યદેવ કહે છે કે—પ્રભુ! એક વાર ધ્યાન દઈને સાંભળ. તારી ચીજ જે ધ્રુવ છે તેમાં અનંત અનંત ગુણો ભરેલા છે; તે ધ્રુવને પકડીને ધ્યાનનો વિષય બનાવી દે તો તને અવશ્ય સમ્યગ્દર્શન થશે.

ભગવાન જ્ઞાયક-આત્મા તો ચિદ્‌બિંબ, જિનબિંબ, વીતરાગબિંબ છે, અનંત શક્તિઓનો પિંડ સાક્ષાત્ પ્રભુ છે. અરે! એનો વિશ્વાસ ક્યારે આવે? એ ધ્રુવ વસ્તુ પર દૃષ્ટિ દેવાથી ધ્રુવ સ્વભાવનો ભરોસો—વિશ્વાસ આવે છે, સમ્યગ્દર્શન થાય છે. ધ્રુવ તેમ જ ગુણભરપૂર સ્વભાવની દૃષ્ટિ વિના બીજું વધું થોથાં છે. માટે, અનંત ગુણોથી ભરપૂર એવા નિજ ત્રિકાળશુદ્ધ જ્ઞાયકને ધ્યેય બનાવીને, ત્યાં રોકાઈ જા, દૃષ્ટિને ત્યાં સ્થાપી દે. સ્વભાવ સ્થિર હોવાથી દૃષ્ટિ ત્યાં ટકી જાય છે; પર્યાય અસ્થિર છે તેથી દૃષ્ટિ ત્યાં ટકી શકતી નથી. પર્યાય છે ખરી, પણ તે અસ્થિર અને પલટવાવાળી છે. 'પલટવા' ઉપર દૃષ્ટિ દે તો દૃષ્ટિ સ્થિર કઈ રીતે થાય? માટે, પર્યાયની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરવાનું ભગવાને કહ્યું છે. અહા! આઠ આઠ વર્ષના રાજકુમારો—ચક્રવર્તીના પુત્રો તીર્થંકરના સમવસરણમાં વાણી સાંભળતાં વેંત સમ્યગ્દર્શન પામતા હશે—એ યોગ કેવો હશે! અંતરમાં ધ્રુવ જ્ઞાયક પર થાપ મારી—મીટ માંડી—ને તરત જ અંદરથી આનંદ આવ્યો, રાજપાટ વગેરે બધું લૂખું લૂખું થઈ ગયું.

દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ ભગવાન આત્માના કાયમી સ્વરૂપમાં —ધ્રુવ સ્વભાવમાં—અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે. સહજજ્ઞાન, સહજદર્શન, સહજસુખ વગેરે દરેક ગુણ-ઓરડામાં અનંત અનંત ગુણશક્તિ તથા અનંત પર્યાયો થવાનું સામર્થ્ય ભરેલું છે. જ્ઞાનાદિ દરેક ગુણ પોતાના સ્વરૂપે રહે છે અને અન્ય અનંત સ્વરૂપે થતો નથી—એવી અનંત શક્તિ-તાકાત દરેક ગુણ-ઓરડામાં છે. જ્ઞાન વગેરે દરેક ગુણ-ઓરડામાં અનંત પરપણે ન હોવું—એવા અનંત નાસ્તિત્વભાવ તથા અનંત પરથી જુદાપણે રહેવું—એવા અનંત અન્યત્વભાવ ભરેલા છે. ચિદ્‌વિલાસમાં આવે છે: (૧) એક એક ગુણમાં અનંત શક્તિ; (૨) એક એક ગુણમાં અનંતી પર્યાય.—એમ બે બોલ

લીધા છે. જ્ઞાન, શાન્તિ વગેરે એક એક ગુણ, એવી અનંતા ગુણ—અનંત અનંત ગુણ એક એક ગુણમાં અનંત અનંત શક્તિ; અન્ય ગુણરૂપે ન થવું, અન્ય ગુણના અભાવ સ્વરૂપે રહેવું—એવું સામર્થ્ય, શક્તિ એકેએક ગુણમાં છે.—અહા, આવો ચૈતન્ય ચમત્કાર છે!

જીવને અનાદિથી પર્યાય પર દૃષ્ટિ છે તેથી, અનંત ગુણોથી ભરપૂર નિજ જ્ઞાયક વસ્તુ સમીપ છે, પોતે જ છે છતાં, તેને તેનો પત્તો નથી. અંદર સ્વભાવ ઓળખીને ગ્રહણ કરે તો કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ એવી ભેદજ્ઞાનજ્યોતિ—વિવેકજ્યોતિ—પ્રગટ થાય. શાસ્ત્ર સાંભળવાથી થયેલું જ્ઞાન કેવળજ્ઞાનનું કારણ થતું નથી, પરંતુ અંતરમાં જ્ઞાયકને પકડીને થયેલું ભેદજ્ઞાન જ ચારિત્ર અને કેવળજ્ઞાન વગેરેનું કારણ થાય છે. ગુરુએ અનુગ્રહ કરી શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો, આ જીવે તેને લક્ષમાં લીધો પરંતુ એટલા માત્રથી આત્માનું જ્ઞાન થઈ જાય છે—એમ નથી. દેખાડનારે દેખાડ્યું કે—'અંતરમાં જા, તારો ધ્રુવ સ્વભાવ અંદરમાં છે'; પણ ચાલનારે ચાલવાનું તો પોતાને છે ને? અંદરમાં જાય, સ્વભાવને ગ્રહણ કરે તો ભગવાન આત્મા પ્રાપ્ત થાય.

**"તે અદ્‌ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે તો તને સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું'."**

અહા! સાર આવ્યો છે. પહેલાં એ વાત સિદ્ધ કરી કે ભગવાન આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે; તેનું જે ધ્રુવ રૂપ છે તે સ્થાયી છે—સ્થિર છે, તેની પર્યાયો પલટે છે. કાયમ એકરૂપ રહેનારું તેનું ધ્રુવ સ્થાયી રૂપ કાંઈ ખાલી નથી, પણ અનંત ગુણોથી—અનંત રસકસથી ભરપૂર ભરેલું છે. અનંત ગુણરત્નના ઓરડાઓથી ભરેલું તે ધ્રુવ તત્ત્વ કોઈ ચમત્કારી અદ્‌ભુત ચીજ છે. તે આશ્ચર્યકારી અનંત અનંત ગુણઋદ્ધિવંત એવા નિજ ધ્રુવ જ્ઞાયકસ્વરૂપ પર દૃષ્ટિ દે, અંતરમાં ઊંડાણથી તેનો મહિમા લાવ, તો તને ધરપત થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું'.

જૈનદર્શન અલૌકિક છે, સમજવું કઠણ છે; તે કોઈ પક્ષ કે વાડો નથી, વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુ—ભગવાન આત્મા જિનસ્વરૂપ છે; એમાં દૃષ્ટિ દે તો જૈન થાય; જિન પર દૃષ્ટિ દે તે જૈન થાય. પં. બનારસીદાસજીએ કહ્યું છે ને—

> ઘટ ઘટ અંતર જિન બસૈ, ઘટ ઘટ અંતર જૈન;
> મતિ-મદિરાકે પાનસૌં, મતવાલા સમુઝૈ ન.

દરેકના હૃદયમાં જિનરાજ અને જૈનધર્મનો નિવાસ છે, પરંતુ મતપક્ષરૂપી દારૂ પીધો હોવાથી મતાન્ધ જીવો અંતરમાં રહેલાં જિનપણાને ને જૈનપણાને સમજતા નથી. જે જીવો પર્યાયબુદ્ધિ, વ્યવહારબુદ્ધિ ને નિમિત્તબુદ્ધિથી મદોન્મત્ત છે તેઓ શુદ્ધ તત્ત્વને

સમજી શકતા નથી. અહા! આવો માર્ગ! લોકોને સમજવો અઘરો પડે તેથી 'એકાન્ત' કહીને કાઢી નાખે. પ્રભુ! વસ્તુ સૂક્ષ્મ છે. દૃષ્ટિ, જે અનાદિથી પર્યાય તરફ છે તેને, દ્રવ્ય તરફ વાળ; વર્તમાન પર્યાયને—દૃષ્ટિને—દ્રવ્ય પર સ્થાપ. કલ્યાણ માટે વસ્તુનું સ્વરૂપ જ આવું છે, એમાં બીજું શું થાય? વ્રત, તપ વગેરે શુભ પરિણામ પણ અત્યંત સ્થૂલ છે, તેનાથી સૂક્ષ્મ એવો ત્રિકાળ શુદ્ધ ભગવાન આત્મા નહિ પકડાય. સ્વભાવમાં દૃષ્ટિ થંભાવ તો તને સંતોષ થશે કે 'હું તો સદા પરિપૂર્ણ ને કૃતકૃત્ય છું'.

પર્યાય પર દૃષ્ટિ હોવાથી દુઃખ છે. જ્યાં ભર્યા ભંડાર છે તે જ્ઞાયકવસ્તુમાં દૃષ્ટિ સ્થાપ; તો તને આનંદ પ્રગટ થશે. સ્વભાવમાં દૃષ્ટિ સ્થાપવાથી સંતોષ થશે. કેવો સંતોષ?—કે 'હું તો સદા કૃતકૃત્ય છું'. ત્રિકાળી જ્ઞાયક વસ્તુ સ્વભાવે તો સદા કૃતકૃત્ય જ છે, પરંતુ તેના ઉપર દૃષ્ટિ સ્થાપતાં પર્યાયમાં દ્રવ્યરૂપ કૃતકૃત્યતાનો સ્વીકાર આવ્યો, પર્યાયમાં કૃતકૃત્યતાનો અંશે અનુભવ થયો. અહા! એક પેરામાં કેટલું સહજ આવ્યું છે! બહેને લખ્યું નથી, લખાવ્યું નથી, દીકરિયુંઓએ લખી લીધું; હિંમતભાઈએ બધું સરખું કર્યું ને એ બહાર આવ્યું.

'હું તો દ્રવ્યે સદા કૃતકૃત્ય છું' એવા સંતોષભાવે પરિણમીને જીવ પર્યાય દ્વારા ધ્રુવ સ્વભાવનો સ્વીકાર કરે છે, આશ્રય કરે છે. સ્વભાવનો આશ્રય કરતાં પર્યાયમાં જે આનંદ આવ્યો, શ્રદ્ધા થઈ, અંશે સ્થિરતા થઈ, તેનાથી જીવને સંતોષ થયો કે 'આ ભગવાન આત્મા વસ્તુએ તો સદા કૃતકૃત્ય છે'. દ્રવ્યસ્વભાવમાં કાંઈ કરવાનું નથી, એ તો સદા કૃતકૃત્ય જ છે.

'તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ.'

'હું તો દ્રવ્યસ્વભાવે સદા કૃતકૃત્ય છું'—એમ પર્યાયમાં ધ્રુવ સ્વભાવનું યથાર્થ ગ્રહણ કરીને તેમાં ઠરતાં—દ્રવ્યની અર્થાત્ ત્રિકાળશુદ્ધ વસ્તુની દૃષ્ટિ થતાં, આનંદ, શ્રદ્ધા, જ્ઞાન વગેરે જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે દ્વારા જીવ એમ માને, જાણે, અનુભવે છે કે 'હું તો દ્રવ્યે સદા કૃતકૃત્ય છું'. સ્વભાવે કૃતકૃત્ય છું તો તેમાં સ્થિર થવાથી અનુક્રમે પર્યાયે પણ હું પૂર્ણ કૃતકૃત્ય થઈ જઈશ.

અહા! કેવી સરસ વાત! ભાવનગરથી એક અર્ધમાગધીના પ્રોફેસરનો પત્ર આવ્યો છે. 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક વાંચીને ઘણી ખુશી બતાવી છે. અરે! આ પુસ્તક કોઈ એવું અદ્ભુત છે કે—ભણેલાનાં અભિમાન-પાણી ઊતરી જાય!

શું કહે છે અહીં?—કે ભગવાન જ્ઞાયક આત્મા કે જે સ્વભાવે નિત્ય ધ્રુવ છે, તેના ઉપર દૃષ્ટિ દેવાથી તને પર્યાયમાં શ્રદ્ધા, જ્ઞાન ને આનંદ વગેરે બધું પ્રગટ થશે. તને સંતોષ થશે કે સ્વભાવે કૃતકૃત્ય છું, તો તેમાં દૃષ્ટિ કરવાથી, તેનો આશ્રય કરવાથી,

પર્યાયમાં પણ હું કૃતકૃત્ય થઈ જઈશ. અહા, આવો છે આ દિગંબર જૈન ધર્મ! આ કોઈ પક્ષ કે વાડો નથી, વસ્તુધર્મ છે. ભાગ્યવાનને તો કાને પડે એવી દુર્લભ આ વાત છે. લાખો રૂપિયા મળે એ કાંઈ 'ભાગ્યવાન' નહિ, આ સત્ય વાત સાંભળવા મળે તે સાચો 'ભાગ્યવાન' છે. વીતરાગના દિવ્યધ્વનિમાં જે આવી છે તે આ વાણી છે. તે વાણી ન્યાય સહિત કાને પડે અને અંતરમાં ઊતરીને તેને ગ્રહણ કરે, તો ન્યાલ થઈ જાય એવી આ વાત છે.

દ્રવ્ય સ્વભાવે કૃતકૃત્ય અર્થાત્ પૂર્ણાનંદસ્વરૂપ હોવાથી, તેના અવલંબને પર્યાયમાં કૃતકૃત્યતા—પૂર્ણાનંદ પ્રગટ થઈ જશે. દ્રવ્યમાં ઠરતાં પર્યાયમાં સહજપણે પરમાનંદ પ્રગટ થાય છે, હઠથી કે કૃત્રિમ કરવો પડતો નથી. ભગવાન આત્મા સ્વભાવે તો કેવળજ્ઞાનનો કંદ છે; તેને દૃષ્ટિમાં લઈને સ્થિરતા થતાં પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ થઈ જશે, પછી ક્યાં કંઈ કરવાનું બાકી રહે છે?

લોકો, અને ઉપદેશકો પણ, કહે છે કે—ભગવાને પણ સાડા બાર વર્ષનાં તપ કર્યાં હતાં, પણ ભાઈ! તું માને છે એવાં તપ નહિ. ભગવાને તો અતીન્દ્રિય આનંદમાં મસ્ત રહીને સ્વરૂપનું જે પ્રતપન કર્યું—સાધનાની દેદીપ્યતા પ્રગટાવી તે તપ છે. અનંત ગુણોનો પિંડ એવો જે નિજ જ્ઞાયક આત્મા તેની પર્યાયમાં સ્વભાવના ઉગ્ર અવલંબને આનંદ, શાન્તિ ને સ્થિરતાનું જે પ્રતપન થાય—અંદર સ્વરૂપરમણતાનો ઉગ્ર પુરુષાર્થ થાય—તે તપ છે. આત્મદર્શન—સમ્યગ્દર્શન વિના ઉપવાસ વગેરે તપ તો કેવળ લાંઘણ છે. અનંત ચમત્કારિક ઋદ્ધિઓથી સંપન્ન એવા નિજ જ્ઞાયકની સમીપમાં જઈને વસવું, આનંદભાવે પરિણમીને તેમાં ઠરવું, તેનું નામ ઉપવાસ છે. અહા! આ વાત વ્યવહારપ્રધાન સંપ્રદાયવાળાને આકરી પડે એવી છે. આ વાત દિગંબરોનાં શાસ્ત્રોમાં ભરી પડી છે, પણ એમને ખબર ન મળે; અને ચરણાનુયોગમાં આમ કહ્યું છે ને કરણાનુયોગમાં આમ કહ્યું છે—એમ બહારના કુટારામાં રોકાઈ જાય.

ભાઈ! ચારે અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે ને?—તો વીતરાગતા કઈ રીતે ને કયારે થાય? અરાગી આનંદકંદ નિજ શુદ્ધ જ્ઞાયકની દૃષ્ટિ કરવાથી પરિણતિમાં તેનું ગ્રહણ કરવાથી ને તેમાં લીનતા થવાથી પર્યાયમાં વીતરાગતા પ્રગટે છે. જેમાં વીતરાગતા સ્વભાવ-અપેક્ષાએ પરિપૂર્ણ ભરી પડી છે તે જ્ઞાન ને આનંદમૂર્તિ ભગવાન આત્માનો રુચિમાં ને પરિણતિમાં આશ્રય કરવાથી પર્યાયમાં સાધકભાવરૂપ વીતરાગતા પ્રગટ થશે. ધ્રુવ સ્વભાવનું આલંબન લેનારી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને વીતરાગતારૂપ પર્યાયે પરિણત જીવ એમ જાણે છે કે—નિર્મળ પર્યાયના આલંબનભૂત ત્રિકાળશુદ્ધ એવો હું તો સદા કૃતકૃત્ય છું. આત્મા વસ્તુએ પૂર્ણ પરમાત્મા છે, તેમાં કાંઈ કરવા-ધરવાનું હોતું નથી. સ્વભાવે કૃતકૃત્ય એવા તેના સ્વરૂપમાં ઠરવાથી પર્યાય-અપેક્ષાએ કૃતકૃત્યતા પ્રગટ

થશે. પર્યાયમાં કૃતકૃત્યતા પ્રગટવા માટે ત્રિકાળી કૃતકૃત્ય સ્વભાવમાં, તેને યથાર્થ ગ્રહણ કરીને, સ્થિર થવાનું કહ્યું છે; કોઈ ઉપવાસ વગેરે બહારની ક્રિયા કે શુભરાગ કરવાથી તે પ્રગટ થાય—એમ કહ્યું નથી.

અહા! એક બોલમાં કેટલું ભર્યું છે? સહેજે વાત આવી ગઈ છે. આ, ચંપાબેનની વાણી છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ શ્રી સીમંધરસ્વામી મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે, તેમની પાસેથી આ વાણી આવી છે. ચંપાબેન 'શેઠના દીકરા' પણે ત્યાં હતાં. ત્યાંથી તેમનો આત્મા અહીં આવ્યો છે. બહેન કહે છે: આત્માનું કાયમ રહેવાવાળું સ્વરૂપ નિત્ય ધ્રુવ છે. તે નિત્ય સ્વરૂપ કાંઈ ખાલી નથી, તેમાં જ્ઞાન, આનંદ, શાન્તિ આદિ અનંત ગુણો ભરચક ભર્યા છે. તે કાયમી સ્વરૂપમાં અનંત ગુણચિંતામણિના ઓરડા ભરેલા છે. એક એક ગુણરત્નમાં અનંત પર્યાય થવાની તાકાત છે. એવી તાકાતથી પરિપૂર્ણ અનંત ગુણરત્નોના ઓરડા ભગવાન આત્મામાં ભરેલા છે. તે અદ્ભુત ઋદ્ધિયુક્ત નિત્ય ધ્રુવ સ્વરૂપ પર દૃષ્ટિ દે, તેનું યથાર્થ ગ્રહણ કર, તો તને સંતોષ—ધરપત થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું.' અહીં બે વાત કહી: (૧) દ્રવ્યસ્વભાવે તો હું સદા કૃતકૃત્ય છું, અને (૨) તેમાં સ્થિર થવાથી પર્યાયમાં પણ કૃતકૃત્ય થઈ જઈશ; પછી પર્યાયમાં કાંઈ કરવાનું બાકી નહિ રહે. આવો માર્ગ છે. અહા! ભાષા તો જુઓ!

—o—

---

**ગ્રાહકોને સૂચના :**—જુલાઈ'૮૭ થી 'આત્મધર્મ'નું નવું વર્ષ શરૂ થશે. વાર્ષિક ગ્રાહકોએ જુલાઈ'૮૭ થી જૂન'૮૮ના વર્ષનું લવાજમ રૂા. ૯-૦૦ સત્વરે મોકલી વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી.

---

* હું લાયક નથી....લાયક નથી—એમ એના નકારે વાત અટકી છે. પણ એને અંદરથી એમ આવવું જોઈએ કે હું આ ક્ષણે જ પરમાત્મા થવાને લાયક છું.—એવો અંદરથી વિશ્વાસ આવવો જોઈએ. આ વાતની જે હા પાડે છે, અંદરથી હકાર આવે છે, તે જીવને રાગથી છૂટો પડવાની શરૂઆત થઈ ગઈ છે, છૂટો પડતો જાય છે એટલે નૈગમનયે છૂટો પડી ગયો તેમ શાસ્ત્રમાં કહ્યું છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

## સુવર્ણપુરી (સોનગઢ) સમાચાર :—

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલ છત્રછાયામાં, રાબેતા મુજબ નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે. સવારે જિનેન્દ્રપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર અધ્યાત્મરહસ્યપ્રકાશક ટેપ-પ્રવચન, શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પર ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર વાંચન, જિનેન્દ્રભક્તિ તથા સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પરમાત્મપ્રકાશ ઉપર ભાવવાહીશૈલીયુક્ત આધ્યાત્મિક ટેપ-પ્રવચન—એ રીતે નિયમિત કાર્યક્રમ ચાલી રહ્યા છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન શુદ્ધાત્મસાધના સહિત કુશળતાપૂર્વક બિરાજી રહ્યા છે, શારીરિક સ્વાસ્થ્ય યથાવત્ ઠીક છે. તેમના પાવન દર્શન તેમ જ તેઓની અધ્યાત્મરસભરી નિશ્ચયવ્યવહારની સંધિયુક્ત ગુરુભક્તિભીની સ્વાનુભવરસ ઝરતી અમૃત-વાણીનો અનુપમ લાભ મહેમાનોને તેમજ મુમુક્ષુ સમાજને યથાસમય મળતો રહે છે.

* અષાડ સુદ ૮ શનિવાર, તા. ૪-૭-૮૭થી અષાડ સુદ ૧૫, શનિવાર તા. ૧૧-૭-૮૭—આઠ દિવસ શ્રી નંદીશ્વર અષ્ટાહ્નિકા શાશ્વતપર્વ શ્રી પંચમેરુનંદીશ્વર-જિનાલયમાં 'શ્રી નંદીશ્વરબૃહદ્‌મંડલવિધાન-પૂજા' તેમજ ભક્તિના સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

* અષાડ વદ ૧, શનિવાર તા. ૧૧-૭-૮૭ના રોજ 'શ્રી વીરશાસન જયંતી'નો પર્વ પૂજા-ભક્તિના વિશેષ ઉત્સવપૂર્વક ઉજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :—

* સોનગઢનિવાસી જામનગરવાળા શ્રી અચરતબેન લીલાધર વકીલ (વર્ષ-૮૪) (ગુલાબબેનના બેન તથા બ્ર. ચંદ્રપ્રભાબેનના તથા બ્ર. જસીબેનના બા) તા. ૨૯-૬-૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષોથી સોનગઢમાં રહેતા હતા, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે ઘણી ભક્તિ હતી, ભદ્રપરિણામી હતા.

* ધ્રાંગધ્રાનિવાસી (હાલ બોરીવલી) શ્રી ચંપકલાલ લાલચંદ સંઘવી (વર્ષ-૭૯) તા. ૧૨-૫-૮૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—o—